ફેબ્રુઆરી ૧૦-૧૯૬૪

૫૦ ન. પૈ.

વા. લ. રૂપિયા પાંચ (ભારતમાં)

,, ,, સાત (પરદેશમાં)

# બુદ્ધિપ્રભા

જીવન-સાહિત્ય અને જૈન ધર્મનું સામયિક

૫૧૫૨

કુકરવાડાના જિનાલયના શિખરો



તસ્વીરકાર — શ્રી કનુ ચોકસી

સંસારનું મોક્ષભવન

(મૂળ નાયકઃ ભ. આદિનાથ)

# બિચારો ગોશાળો!

ભગવાન મહાવીર કોલ્લાગ સન્નિવેશથી વિહાર કરી રહ્યા હતા. નજર નીચી હતી. ચાલ ધીમી હતી. મન આત્મધ્યાનમાં લીન હતું. ભગવાન જઇ રહ્યા હતા. સાથે ગોશાળો પણ હતો.

વિહારની રાહમાં એક જગાએ ગોશાળાના જાતિબંધુઓ બેઠા હતા. ઈંટોના કાચા ચૂલા પર, હાંડીમાં તેઓ ખીર બનવાની રાહ જોતા હતા.

ગોશાળાને ખીર ખાવાનું મન થયું. તેણે ભગવાનને કહ્યું: "જરા, ઉભા રહો! આપણે આ ખીર ખાઇને જઇએ."

પણ ભગવાનના જવાબથી ગોશાળો સાવ ઠંડો પડી ગયો.

ભગવાને કહ્યું: "આ ખીર થશે જ નહિ. વચમાં જ તે હાંડી ફુટી જશે અને બધી જ ખીર ઢોળાઈ જશે."

આ સાંભળીને બધા જ સતેજ થઈ ગયા. તેઓ હાંડીની પાકી દેખરેખ રાખવા લાગ્યા.

ભગવાન તો આટલું કહી ચાલ્યા ગયા. પણ ગોશાળો ત્યાં જ બેસી રહ્યો.

સમય થયો. બળતણ જોરથી બળતું હતું. હાંડીનું દૂધ ઉકળી રહ્યું હતું. અંદર ભેળવેલા ચોખા પણ ફુલી રહ્યા હતા અને દૂધ કરતાં ચોખા વધુ હતા.

બળતણની એક જ સખ્ત ઝાળ આવી અને હાંડી ફુટી ગઈ. દૂધ ઢોળાઈ ગયું. ચોખા વેરાઇ ગયા.

બિચારો ગોશાળો!

ખીરની વાટમાં વીરથી એકલો પડી ગયો!!!

[ શ્રીમદ્ વિજયેન્દ્રસૂરિ રચિત '**તીર્થંકર મહાવીર**'ના હિંદી **પ્રથમ ભાગમાંથી ભાવાનુવાદ** ]

मित्तीमे सव्व भूएसु वेरं मज्झं न केणई ।

બધા જીવો સાથે મારે દોસ્તી છે; દુશ્મની મારે કોઈ સાથે નથી.



# બુદ્ધિપ્રભા


| | | |
|---|---|---|
| ૧૦ ફેબ્રુઆરી ૧૯૬૪ | વરસ ૫ : સળંગ અંક ૫૨<br>લવાજમ<br>(ભારત) રૂા. ૫–૦૦ પરદેશ રૂા. ૭–૦૦<br>છુટક નકલ પચાસ નયા પૈસા | કાર્યાલય<br>C/o ધનેશ એન્ડ કાં.<br>૧૯/૨૧ પીકેટ ક્રોસલેન<br>મુંબઈ—૨ |

તંત્રી : ઈંદીરા શાહ ⊙ સંપાદક : ગુણવંત શાહ


## પ્રેરણાના પુષ્પો

कुतः प्रियपदार्थेषु, ममत्वं क्रियते मया ।
बाह्यभावात् प्रभिन्नोऽस्मि, तत्र रागो न युज्यते ॥
कुतोऽप्रिय पदार्थेषु, द्वेषत्वं क्रियते मया ।
प्रियाप्रियत्वं मनसः कल्पितं नास्ति ब्रह्मणः ॥

આ મારું મન શાથી જડ પદાર્થોને વહાલા સમજીને તેના પર મમતા રાખે છે? હું તો એ બાહ્ય જડ પદાર્થોથી ભિન્ન છું. મારે ત્યાં રાગ કરવો જોઈએ નહિ.

(અને) ન ગમતા પદાર્થો પર મારે દ્વેષ પણ શા માટે કરવો જોઈએ? ગમવું અને અણગમવું–પ્રિય–અપ્રિય–એ તો મનના તરંગ છે–કલ્પના છે. આત્માનો તે સ્વભાવ નથી.

—સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી કૃત
'યોગદીપક' માંથી પા. ૧૪ શ્લોક ૧૦–૧૧

# સંપાદકીય

જ્યારે જ્યારે ધર્મ અને સંસ્કૃતિ તેના ઉન્નત શિખરેથી, થોડા કે વધુ ગબડયા છે ત્યારે ત્યારે સાહિત્યે; એ બંનેના હાથ ઝાલીને, તેમને તેમના સ્થાને સ્થિર કર્યાં છે. એક સમય એવો હતો કે જૈન શ્રમણો તેમજ શ્રાવકોએ, સાહિત્યના માધ્યમ વડે ભારતીય સંસ્કૃતિ અને આર્યધર્મને ઉજ્જવળ બનાવ્યો હતો. તે સમયે અનેક કથાઓ, રાસાઓ, ચરિત્રો, વિદ્વત્તાભર્યાં અધ્યયન ગ્રંથો લખાયાં હતાં. અને હોંશભેર વંચાયા પણ હતાં. આજે પણ શ્રીપાળનો રાસ, ભીમસેન ચરિત્ર કે એવું બીજું કંઈ સાહિત્ય વાંચતા કે સાંભળતા જીવન ઉર્ધ્વગામી બને છે.

પરંતુ કોણ જાણે કેમ આજે સાહિત્ય સર્જનાની એ પરંપરા અટકી ગઇ છે. આપણે સાહિત્ય પ્રત્યે ઉપેક્ષા કરીને ઉદાસ બની ગયા છે. એ દિશામાં પ્રયાસ જ નથી થતો તેવું મારું કહેવું નથી. પરંતુ જે પ્રયાસ થાય છે તે પૂરતો નથી થતો તેમજ ઇતર સાહિત્ય ને ઇતર જનતામાં માંગ મૂકાવે તેવો પ્રયાસ થતો નથી.

ભારતીય સંસ્કૃતિ અને આર્ય ધર્મ આજ જડવાદ ને પક્ષવાદમાં પીસાઈ રહ્યાં છે ત્યારે સાહિત્યનું એ કર્તવ્ય છે કે તેમના (સંસ્કૃતિ અને ધર્મના) હાથ ઝાલીને, એ પીસાતી ચીસોને શાંત કરે.

જૈનોના તમામ સાહિત્ય સર્જકોને મારો અનુરોધ છે કે તેઓ આપણી પૂર્વ પરંપરાને શોભે તેવું સત્ત્વશીલ અને સૌન્દર્યશાલીન એવું સાહિત્ય સર્જે- 'બુદ્ધિપ્રભા' તમ સૌને એવી સાહિત્ય કૃતિઓ પછી તે વાર્તા–પત્ર–વિવેચન–જીવન પ્રસંગ–પ્રવાસ જે હોય તે લખી મોકલવાનું નિમંત્રણ આપે છે.



ચિંતન કણિકા

નસીબને રમકડા સાથે રમવાનું મન થયું અને ઈશ્વરે તેને એક બેનમૂન રમકડું આપ્યું. એ રમકડાનું નામ તે માણસ !

માણસ એ તો નસીબના હાથે પછડાતું, ફેંકાતું એક બેનમૂન રમકડું છે.

*

લાશનો ભાર હળવો કરનારા તો ઘણાં છે. અરે ! હું તો જીવનનો ભાર હળવો કરનારા શોધું છું.

*

જિંદગી એ તો મોતનો ખોરાક છે.

*

પ્રેમ જ્યારે પ્રતિષ્ઠાના યુદ્ધમાં સામે પડે છે ત્યારે તે હાર જ પામે છે.

*

પાયલ અને ઘાયલમાં આટલો જ તફાવત છે. પહેલામાં મિલનનો ઝંકાર છે. બીજામાં વિરહનો.

*

"તારે મંઝિલે પહોંચવાનો પાઠ શીખવો છે?"

તો મોતને સસ્તુ બનાવી દે અને જીવનને મોંઘુ. પછી તો મંઝિલ પોતે જ તને શોધતી આવશે.

*

મેં એને કહ્યું:–'પ્રેમ ! મારા આરાધ્ય દેવ ! મારે તારા અંતરનો અવાજ સાંભળવો છે."

"તો કોઈ બાળક ધવરાવતી માની છાતી પર કાન મૂક. ત્યાં તને મારા અંતર આત્માનો સાચો રણકાર સંભળાશે."

*

જિન મંદિર એ પ્રતિમાઓ ભરવાનું કોઈ ગોદામ નથી; સિદ્ધગતિની યાદ આપી જતું, સંસારનું એ તો મોક્ષ ભવન છે.

—ગુણવંત શાહ

## સમાજ, યોગ ને અધ્યાત્મને સ્પર્શતા

# ગુરુદેવના પત્રો

**અમદાવાદ,**
અષાડ સુદી એકમ, ૧૯૬૮

સુશ્રાવક કાપડીયા,

**યોગ્ય ધર્મલાભ,**

તમારો પત્ર મળ્યો, વાંચી બીના જાણી. જમાનાને અનુસરી જૈનોએ પ્રગતિ કરવી તેમજ જૈન ધર્મના ફેલાવા માટે અનેક ઉપાયો કરવા એ તેમની ખરી ફરજ છે. જૈનોએ આ શાંતિના જમાનારૂપ સોનેરી તક ખોવી જોઇએ નહિ. અને જો આ સોનેરી તક પામીને પ્રગતિને બદલે અવગતિના માર્ગ તરફ પ્રવૃત્તિ કરવામાં આવશે તો પોતાની ભૂલનું અશુભ પરિણામ તેઓએ ભોગવવું પડશે અને ભવિષ્યની જૈન પ્રજાના શ્રાપોના તેઓએ ભોગ થવું પડશે.

પ્રવૃત્તિ માર્ગમાં પ્રવૃત્તિ કરતાં જે જે વિઘ્નો આવે તે સર્વને મારી હઠાવવાં જોઇએ. આપણા સદ્દવિચારો અને આપણું સદ્દવર્તન, આપણી ચારે બાજુએ એવા શુભ સંયોગો ઉત્પન્ન કરે છે કે જેથી આપણાથી બીજા માણસનું કલ્યાણ કરી શકાય છે.

માનસિક, વાચિક અને કાયિક શક્તિઓને ખીલવવાની શુભ કેળવણીને આવકાર આપીને આપણે સ્વાશ્રયી બનવું જોઇએ. પરાશ્રયી ભિક્ષાની ઇચ્છા ન કરતાં સ્વાશ્રયી બનીને આપણે દુનિયાની ઉન્નતિ કરવા પ્રયત્ન કરવો જોઇએ.

શ્રી જૈનાગમોમાં કહેલા સદ્દવિચારોને ફેલાવવા માટે આપણે કટીબદ્ધ થવું જોઇએ તો જ જૈનો પર ઝઝુમી રહેલાં કલેશનાં વાદળો અંતે વિખરાશે. તે માટે આપણે સંપના માર્ગમાં આગળ વધવા આત્મભોગ આપવો જોઇએ, જો આપણા વિચારો સારા છે અને તેથી જગતનું કલ્યાણ થવાનું છે એમ નિશ્ચય થતો હોય તો સત્ય વિચારોનો ફેલાવો કરવા આપણે કેમ સ્વાર્પણ કરવું જોઇએ !

આપણા જૈન ધર્મની ભવિષ્યમાં ઉન્નતિની આશા, વર્તમાન કાળના આપણા ઉદ્યમ પર આધાર રાખે છે.

સદ્દવિચારો ગમે ત્યાં, ગમે તેવા મનુષ્યોમાં અમુક યોગ્યતાયે પ્રકટી શકે છે.

સત્ય વિચારો તો ગમે ત્યાં પ્રકટી નીકળવાના. **જગતને દયા-સત્ય-બ્રહ્મચર્ય-સંપ-શુદ્ધ-પ્રેમ-આત્મદષ્ટિ આદિ સદ્દગુણોથી જ શાંતિ થવાની છે.**

ખરેખર તો આપણો જૈન ધર્મ એ આખી દુનિયાના મનુષ્યોનો ધર્મ છે. એમ માનીને આખી દુનિયાના મનુષ્યોના હૃદયમાં તે વસે એવા ઉપાયો વડે જગતને જૈન ધર્મનું દાન કરવું તે જ ખરી આપણી જગત સેવા છે. આવું વિચારી સેવા ધર્મમાં આગળ વધવું જોઈએ.

પાશ્ચાત્યોની પ્રવૃત્તિને આપણે શુભ રૂપમાં ફેરવીને તે વડે ભવિષ્યની પ્રજાના કલ્યાણ માટે આગળ વધવું જોઈએ. પ્રવૃત્તિ વિના માનવીને ચેન પડતું નથી. ગમે તે પ્રકારની પ્રવૃત્તિ કર્યા વિના ચાલે તેમ નથી તો પછી ઉપર્યુક્ત જગત સેવાની પ્રવૃત્તિ કરવા માટે, શાથી આત્મભોગ ન આપવો જોઈએ?

આત્માને વિશાળ દષ્ટિ અને શુદ્ધ પ્રેમ ગમે છે. ખરેખર તો આત્માને આત્માનો ધર્મ જ ગમે છે. શ્રી મહાવીરની વાણી આપણને પોતાનો ખરો આત્મ ધર્મ જણાવે છે. તે માર્ગે આપણે સદ્દવિચારો અને સદ્દવર્તનથી જવું જોઈએ.

શ્રી મહાવીરની વાણીનો સંદેશો આખી દુનિયાને પહોંચાડો. આખી દુનિયાના માનવોમાં મહાવીર વાણીનો અમૃત રસ વ્હેંચો. એવી વિશ્વ સેવા કરવા લાયક બનો અને વિશ્વ સેવા કરો.

આપણો અને આપણા ધર્મનો ઉદ્ધાર આપણા હાથે જ થવાનો છે. વિઘ્ન સંતોષીઓ ઉપર પણ કરુણ ભાવ ભાવીને તેઓને નુકશાન ન કરતાં, જૈન ધર્મ વડે વિશ્વ સેવા કરવા માટે પ્રવૃત્તિ માર્ગમાં પ્રવૃત્ત થાઓ. આપણા અંતઃકરણના શુભ ધર્મનાં જુસ્સાવડે આપણો માર્ગ આપણે જરૂરથી ખૂલ્લો કરી શકીશું. અને કાંટાઓને દૂર કરી દઈશું.

તમારા મિત્રોમાં, સંબંધીઓમાં ધર્મનો રસ રેડો અને તેઓનું પોષણ કરો. તમારા સદ્દવિચારો ફેલાય તેવા ઉપાયો આદરો.

આપણે શ્રી મહાવીરના સેવકો છીએ. તેમના સંદેશાને જગતમાં પહોંચાડવા માટે આપણે તારના દોરડા જેવા યા તાર માસ્તર જેવા બનવાનું છે.

**વહાલા બંધુઓ!**

**જાગો અને જગત આખાને જગાડો!**

**શુભ લેખો લખો અને આર્યાવર્તમાં મહાત્માઓ અને તેવા ઉપાયો યોજો.**

**આપણો ધર્મ સેવાધર્મ, ભક્તિધર્મ, ક્રિયાધર્મ, અને જ્ઞાનધર્મ છે. તે અધિકાર પ્રમાણે કરો અને કરાવો. એજ ઓમ્ શાંતિ.**

લિ૦ બુદ્ધિસાગર

પ્રો. રમણલાલ ચી. શાહ,

# રાગ અને વિરાગની લીલા : [ગ્રંથ પરિચય]

[શ્રીયુત રમણલાલ, મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજના, ગુજરાતી ભાષાના પ્રાધ્યાપક છે. તેઓશ્રીએ "નવલ નવદંતી રાસ" વિષે મહાનિબંધ (થીસીસ) લખીને ડૉકટરની ડીગ્રી મેળવી છે. તદુપરાંત તાજેતરમાં જ તેઓશ્રીએ આપણા જૈન સાહિત્યના એક બેનમૂન 'જંબુસ્વામી રાસ' નું સંપાદન કર્યું છે. અહીં તેઓશ્રી આપણને વલ્કલચીરીની રાગ અને વિરાગની લીલાનો સંક્ષિપ્તમાં છતાં સુંદર રીતે પરિચય કરાવે છે.

"બુદ્ધિપ્રભા" એ સાહિત્યનું માસિક છે વાચકોને સાહિત્યનો આસ્વાદ કરાવવાનો એનો પ્રયત્ન છે. આ સિવાયના બીજા કોઈ રાસ કે એવા કોઈ શાસ્ત્રીય ગ્રંથના આવા અધ્યયનશીલ પરિચય આપવા અન્ય લેખક મિત્રોને અમારું ભાવભીનું નિમંત્રણ છે. આપની પ્રગટ થયેલી કૃત્રિને અવશ્ય પુરસ્કાર આપવામાં આવશે.

—સંપાદક]

ઈ. સ. ના સોળમા–સત્તરમા શતકના જૈન કવિઓમાં કવિવર સમયસુંદરનું સ્થાન અનોખું છે: સંસ્કૃત, પ્રાકૃત તેમજ ગુજરાતી ભાષામાં વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ, ઇતિહાસ, પ્રબંધ, રાસ–ચોપાઇ, બાલવબોધ, સ્તવન, સજ્ઝાય, ગીત ઇત્યાદિ સાહિત્ય–પ્રકારોમાં પોતાની વિપુલ અને ઉચ્ચ કોટિની સેવા આપનાર આ વિદ્વાન કવિએ મધ્યકાળમાં ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરનાર કવિઓમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમણે સાંબપ્રદ્યુમ્ન ચોપાઈ, મૃગાવતી રાસ, નવલ નવદંતી રાસ, પુણ્યસાર રાસ, વસ્તુપાલ–તેજપાલ રાસ, ક્ષુલ્લક કુમાર રાસ, પુંજા ઋષિ રાસ, ચંપક શ્રેષ્ઠિ ચોપાઈ, ધનદત્ત શ્રેષ્ઠિ ચોપાઈ, વલ્કલચીરી રાસ, સીતા–રામ ચોપાઈ, દ્રૌપદી ચોપાઇ વગેરે રાસ–ચોપાઈના પ્રકારની ઘણી રચનાઓ કરી છે. સ્તવન, ગીતાદિ લઘુ રચનાઓમાં પણ એમનું સ્થાન ઘણું મહત્ત્વનું છે.

સમયસુંદરે 'વલ્કલચીરી રાસ' ની રચના સંવત ૧૬૮૧ માં જેસલમેર નગરમાં મુલતાનના શાહ કરમચંદની આગ્રહભરી વિનંતીથી કરી છે. એમાં કવિએ જૈનોમાં સુપ્રસિદ્ધ એવી પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને વલ્કલચીરીની કથા આલેખી છે. સામાન્ય રીતે કવિ સમયસુંદર કથાનો આધાર પોતે કયા ગ્રંથમાંથી લે છે એ પોતાની રાસરચનાઓને અંતે નોંધે છે. પરંતુ આ રાસને અંતે એમણે એવો કોઈ નિર્દેશ કર્યો નથી. 'ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર' ના પરિશિષ્ટ પર્વમાં જંબૂસ્વામીના ચરિત્ર પૂર્વે હેમચંદ્રાચાર્યે વલ્કલચીરીની કથા વિગતે આપી છે. પરંતુ એની સાથે સમયસુંદરની આ કૃતિ સરખાવતાં મુખ્ય મુખ્ય ઘટનાઓને તે બરાબર અનુસરતી હોવા છતાં, કવિએ તેનો આધાર લીધો હોય એમ લાગતું નથી.

કવિએ આ રાસની રચના દુહા અને જુદી જુદી દેશીઓમાં લખાયેલી ઢાળમાં કરી છે. કદની દૃષ્ટિએ જોતાં આ રાસ કવિના સીતારામ ચોપાઈ, નળદમયંતી રાસ, દ્રૌપદી ચોપાઈ વગેરે કરતાં નાનો અને પ્રિયમેલક ચોપાઈ, ચંપક શ્રેષ્ઠિ ચોપાઈ, ધનદત્ત શ્રેષ્ઠિ ચોપાઈ, પુણ્યસાર રાસ વગેરેની કક્ષામાં મૂકી શકાય એવો છે. મધ્યકાળમાં રચાયેલા જૈન રાસાઓમાં મધ્યમ કદના રાસ તરીકે જેને ઓળખાવી શકાય એવી આ રચના છે. કવિએ એ માટે કથાવસ્તુ પણ એને અનુરૂપ પસંદ કર્યું છે. દસ ઢાલની અને વચ્ચે વચ્ચે દુહાની કડીઓ મળી કુલ ૨૨૧ ગાથામાં કવિએ આ રચના કરી છે.

રાસના આરંભમાં દુહાની કડીઓમાં કવિએ, ચાલી આવતી પ્રણાલિકા પ્રમાણે સરસ્વતી દેવી, સદ્ગુરૂ અને પાર્શ્વનાથ પ્રભુને પ્રણામ કરીને એમની કૃપાની યાચના કરી છે. વળી અહીં જ એમણે આ રચના પાછળનો પોતાનો હેતુ પણ દર્શાવી દીધો છે. છે. અલબત્ત, આવો હેતુ, તત્કાલીન ધાર્મિક માન્યતાનુસાર ફલશ્રુતિના પ્રકારનો, કૃતિનું મહાત્મ્ય દર્શાવનારો જ હોય છે. કવિ લખે છેઃ—

ગુણ ગિરુઆના ગાવતાં,
વલિ સાધના વિશેષ;
ભવ માંહે ભમિયઇ નહીં,
લહિયઇ સુખ અલેખ.
મઈ સંયમ લીધઉ કિમઈ,
પણિ ન પલઈ કરું કેમ;
પાપ ઘણા પોતઇ સહી,
અટકલ કીજઈ એમ.
તઉ પણિ ભવ તરિવા ભણી,
કરિવઉ કોઈ ઉપાય;
વલકલચીરી વરણવું,
જિમ મુઝ પાતક જાય.

રાસની પહેલી ઢાળમાં કવિ કથાનો આરંભ મગધ દેશની રાજગૃહ નગરીના

વર્ણનથી કરે છે. આ નગરીનું મહાત્મ્ય વર્ણવતાં કવિએ ભગવાન મહાવીર, ધન્ના, શાલિભદ્ર, નન્દન મણિયાર, કયવન્ના શેઠ, જંબૂસ્વામી, મેતાર્ય મુનિ, ગૌતમ સ્વામી વગેરેનાં નામ એ નગરી સાથે કેટલી ગાઢ રીતે સંકળાયેલાં છે તે સચોટ રીતે દર્શાવ્યું છે. એ રાજગૃહ નગરીના ગુણશીલ નામના ચૈત્યમાં એક વખત ભગવાન મહાવીર સમોવસર્યાં હતા. વનપાલક પાસેથી આ વધામણી સાંભળી શ્રેણિક રાજા તેમને વંદન કરવા માટે નીકળ્યા. રસ્તામાં એમણે એક મુનિવરનાં દર્શન કર્યાં, જે એક પગ પર ઊભા રહી, સૂર્ય સમક્ષ બે હાથ ઊંચા કરી કાઉસગ્ગ કરી રહ્યા હતા.

મારગ મઈ મુનિવર મિલ્યા, હુંવારીલાલ,
રહ્યઉ કાઉસગિ રિષિરાય રે.
એક પગ ઊભઉ રહ્યઉ, હુંવારીલાલ,
પગ ઉપરિ ધરી પાય રે.
સૂરિજ સાહની નજરિ ધરી, હુંવારીલાલ,
બે ઉંચી ધરી બાંહ રે.
સીત તાવડ પરીસા સહઈ, હુંવારીલાલ,
મોહ નહીં મન માંહ રે.

શ્રેણિક રાજાની સાથે એના સેવકો, દૂતો, સૈનિકો વગેરે પણ હતા. એમાં સુમુખ અને દુમુખ નામના રાજાના બે દૂત વચ્ચે આ મુનિવરની તપશ્ચર્યા અંગે વિવાદ થયો. સુમુખે મુનિરાજના ત્યાગવૈરાગ્યની ઘણી પ્રશંસા કરતાં વચનો ઉચ્ચાર્યાં :—

ધન માતા જિણ ઉર ધર્યઉ,
ધન્ન પિતા ધન વંશ રે;
એહવઉ રતન જિહાં ઉપનઉ,
સુરનર કરઈ પરસંસ રે.

દરસણ તોરઉ દેખતાં,
પ્રમણતાં તોરા પાય રે;
આજ નિહાલ અન્હે હુઆ,
પાપ ગયા તે પુલાઈ રે.

તૂં જંગમ તીરથ મિલ્યઉ,
સુરતરુ વૃક્ષ સમાણ રે;
મનવાંછિત ફૂલ્યા માહરા,
પેખ્યઉ પુણ્ય પ્રમાણ રે.

પરંતુ દુમુખે મુનિવરને ધિક્કારતાં વચનો ઉચ્ચાર્યાં:—

દુમુખ દૂત મુનિ દેખિનઈ,
અસમંજસ કહઈ એમ;
પાખંડી ફિટ પાપીયા,
કહિ વ્રત લીધઉ કેમ.

ગૃહિ વ્રત ગાઢઉ દોહિલઉં,
નિરવાહ્યઉ નવિ જાય;
કાયર ફિટ તઈ સું કીયઉ,
સહૂ પૂઠિઈ સીદાય.

બાલક થાપ્યઉ, બાપડઉ,
નાન્હઉ ઘણૂં નિપટ્ટ,
વઈરી વહિલા વીટિસ્યઇ,
નગરી ઘણૂં નિકટ્ટ.

બર્બ્બર ચારી બાપડી,
પડિસ્યઈ બંદિ પ્રગટ્ટ,
નંદન મારી નાંખિસ્યઈ,
દલ મુંહડે દહવટ્ટ.

'અરે, આ તો પાખંડી છે પાખંડી. પુત્રને ગાદી આપી પોતે તપશ્ચર્યા કરવા નીકળ્યા છે, પણ એમને ખબર નથી કે શત્રુઓ વખત જોઇને એની નગરીને ઘેરો ઘાલશે, એની રાણીને કેદ પકડશે, એના પુત્રને મારી નાખશે, અને પુત્ર મરતાં આ નિઃસંતાન મુનિને કોઈ પિંડદાન દેશે નહિ અને તેથી તે દુર્ગતિ પામશે.' દુમુખનાં આવાં વચન તે મુનિને કાને પડયાં. પરંતુ રાજા શ્રેણિકને આ બંને દૂતોના વિવાદની કંઈ ખબર નહોતી. તેઓ તો જેવા આ મુનિવર આગળથી પસાર થયા તેવા હાથી પરથી ઊતરી મુનિને પ્રણામ કરી આગળ ચાલ્યા.

તેઓ ભગવાન મહાવીર પાસે પહોંચ્યા. ભગવાનની દેશના સાંભળ્યા પછી શ્રેણિક રાજાએ પ્રશ્ન કર્યો, 'હે ભગવન્! રસ્તામાં મેં એક મુનિવરને જોયા. ઉગ્ર તપશ્ચર્યા કરનાર તે મુનિવર જો હમણાં કાળધર્મ પામે તો તેમની ગતિ કેવા પ્રકારની થાય?' ભગવાને કહ્યું, 'તે સાતમી નરકે જાય.' આવી ઉગ્ર તપશ્ચર્યા કરનાર સાતમી નરકે જાય એવો જવાબ સાંભળી શ્રેણિક રાજાને ઘણું આશ્ચર્ય થયું. તેમના મનમાં સંશય થયો. કંઇ સમજ ન પડી એટલે થોડી વાર પછી તેમણે ભગવાને ફરીથી પ્રશ્ન કર્યો. ભગવાનને કહ્યું, 'હવે તે જો કાળધર્મ પામે તો સર્વાર્થ સિદ્ધિએ જાય.' ભગવાનના આવા ઉત્તરથી રાજાને વધારે સંશય થયો. ભગવાને ખુલાસો કરતાં કહ્યું, 'દુમુખના વચનથી તે મુનિ રૌદ્રધ્યાનમાં આરૂઢ થયા હતા. તેમણે મનમાં ને મનમાં પોતાના શત્રુઓ સાથે સંગ્રામ માંડયો હતો. અને તે જ વખતે જો તે કાળધર્મ પામ્યા હોત તો નરકગામી થાત. પરંતુ મનમાં ને મનમાં શત્રુઓ પર એક પછી એક શસ્ત્ર વડે પ્રહાર કર્યાં પછી શસ્ત્રો ખૂટતાં પોતાના મસ્તક પરનો ટોપ લેવા માટે મસ્તક પર ખરેખર હાથ મૂકયો, અને પોતાના લોચ કરેલા મસ્તકનો ખ્યાલ આવતાં તેઓ તરત જ પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને શુભ ધ્યાનમાં આરૂઢ થઈ ગયા, એટલે હવે જો તે કાળધર્મ પામે તો સર્વાર્થ સિદ્ધિએ જાય.'

ધ્યાન ભલઉ હીયડઈ ધર્યઉ,
લોચથી પ્રતિબોધ લાધઉજી;
પાપ આલોયા આપણા,
સુધ થયઉ વલિ સાધોજી.
સુધઉ થયઉ વલિ સાધ તતખિણ,
કરમ બહુલ ખપાવિયા;
જિમ પડયઈ મિમ વલિ ધડયઉ ઉંચઉ,
ઉત્તમ પરણામ આવિયા.
ભાવના બાર અનિત્યભાવી,
અતિ વિસુદ્ધ આતમ કર્યઉ;
મૂલગી પરિ મુનિ રહ્યઉ કાઉસગિ,
ધ્યાન ભલઉ હીયડઈ ધર્યઉ.

શ્રેણિક રાજાએ મુનિની પ્રવજ્યાનું કારણ પૂછ્યું. ભગવાને વિગતે વાત કરી:—

પોતાનપુર નામના નગરમાં સોમચંદ્ર નામે રાજા હતો. એની રાણીનું નામ ધારિણી. એક વખત રાજારાણી મહેલમાં બેઠાં હતાં તે વખતે રાજાના મસ્તકમાં સફેદ વાળ જોઈ રાણીએ કહ્યું 'દેવ, જુઓ કોઈ દૂત આવ્યો છે.' રાજાએ આમતેમ જોયું પણ કોઈ દૂત જણાયો નહિ. પછી રાણીએ સફેદ વાળ બતાવી કહ્યું, 'જુઓ, આ યમનો દૂત.' એ જોઈ રાજાએ કહ્યું, 'અરે ! મારા પૂર્વજો તો માથામાં સફેદ વાળ આવે તે પહેલાં રાજગાદીનો ત્યાગ કરી વનમાં જતા. પરંતુ હું તો હજુ મોહમાયામાં જ ફસાયેલો છું. શું કરું ? કુમાર પ્રસન્નચંદ્ર હજુ બાળક છે. તું જો એની સંભાળ રાખવાનું માથે લે તો હું વનવાસી થાઉં.' રાણીએ કહ્યું, 'હું તો તમારી સાથે જ વનમાં આવવા ઇચ્છું છું. કુમાર ભલે નાનો રહ્યો. રાજપુરુષો એની સંભાળ લેશે અને એ રાજસુખ ભોગવશે.'

તરત તેઓએ નિશ્ચય કર્યો એને રાજા અને રાણી પુત્રને રાજગાદી પર સ્થાપી, તાપસી દીક્ષા ધારણ કરી વનમાં જઈ તાપસાશ્રમની ઝૂંપડીમાં રહેવા લાગ્યા. રાણી ઇંધણ લાવતી, ગાયના છાણથી ઝૂંપડી લીંપતી, ઘાસની શય્યા તૈયાર કરતી; રાજા વનમાંથી ચોખા વગેરે અન્ન લઈ આવતા. આ રીતે તેઓ બંને તપ કરતાં કરતાં પોતાના દિવસો પસાર કરવા લાગ્યાં.

આણઈ રાણી ઇંધણ,
વનફલ ફૂલ વિશાલો જી,
કોમલ વિમલ તરણે કરી,
સેજ સાજઇ સુકમાલો જી.
સેજ સજાઈ સુકુમાલ રાણી,
ઇંગુદી તેલાઈ કરી,
ઉટલા ઉપરી કરઈ દીવઉ,
ભગતિ પ્રિઉની મનિ ધરી.
એટલા લિંપઈ આણિ ગોબર,
ગાઈ છઈ તિહાંવન તણી,
વન વ્રીહિ આણઈ આપતાપસ,
આણઈ રાણી ઇંધણી.
તપસ્યા કરઈ તાપસ તણી,
નિરમમ નઈ નિરમાયો જી,
સૂધું સીલ પાલઈ સદા,
ધ્યાન નિરંજન ધ્યાયો જી.

વનમાં ગયા પછી થોડા વખતમાં જ રાજાએ રાણી ધારિણીને ગર્ભવતી થયેલી જોઈ. રાજાએ રાણીને કારણ પૂછ્યું. રાણીએ કહ્યું, 'ગૃહસ્થાવસ્થામાંજ હું ગર્ભવતી હતી, પરંતુ દીક્ષા લેવામાં અંતરાય થાય એટલે મેં એ વાત તે વખતે અપ્રગટ રાખી હતી.' ત્યાર પછી, ગર્ભકાળ પૂરો થતાં રાણીએ એક પુત્રને જન્મ આપ્યો. પરંતુ પોતે પ્રસવમાં જ માંદી થઈ મૃત્યુ પામી. જન્મેલા બાળકને વલ્કલના વસ્ત્રમાં લપેટવામાં આવ્યું હતું એટલે

પિતાએ એનું નામ 'વલ્કલચીરી' રાખ્યું. વનમાં દૂધ, વનફળ વગેરે વડે 'વલ્કલચીરી' મોટો થયો. પશુઓ સાથે એ રમતો, પિતા પાસે એ ભણતો અને પિતાની સેવાચાકરી કરતો. ક્રમે ક્રમે એ યુવાનીમાં પ્રવેશ્યો, પરંતુ તે તદ્દન ભોળો બ્રહ્મચારી જ રહ્યો હતો. સ્ત્રી એટલે શું એની પણ એને ખબર નહોતી.

આ બાજુ પિતાની ગાદીએ પ્રસન્નચંદ્ર મોટો થયો અને સુખેથી રાજ્ય કરવા લાગ્યો. એણે એક વખત સાંભળ્યું કે પોતાની માતાએ વનમાં ગયા પછી એક પુત્રને જન્મ આપ્યો છે અને એ પણ હવે મોટો થઈ ગયો છે. ત્યારે પોતાના એ ભાઇને મળવા માટે એનું હૃદય ભ્રાતૃસ્નેહથી ઉત્કંઠિત થઈ ગયું. એણે ચિત્રકારોને બોલાવી જંગલમાં જઈ પોતાના ભાઈનું ચિત્ર તૈયાર કરી લાવવાની આજ્ઞા કરી. ચિત્રકારો તે પ્રમાણે ચિત્ર બનાવી લાવ્યા. એ જોઈ પ્રસન્નચંદ્રને ઘણો આનંદ થયો. પોતાના ભાઇના ચિત્રને છાતીએ વળગાડી તે વિચાર કરવા લાગ્યો કે 'પિતાજી તો વૃદ્ધાવસ્થામાં વનમાં વૈરાગ્ય ધારણ કરી ઉત્સાહપૂર્વક તપ કરે છે, પરંતુ મારો નાનો ભાઈ તરુણ અવસ્થામાં આવું કષ્ટ ઉઠાવે અને હું રાજ્યસુખ ભોગવું એ યોગ્ય નથી. એટલે રાજાએ કેટલીક કુશળ વેશ્યાઓને બોલાવી કહ્યું, 'તમે મુનિનો વેશ ધારણ કરી વનમાં જાઓ અને વિવિધ કળાઓ વડે મારા ભાઈનું મન આકર્ષી એને અહીં લઈ આવો.'

વેશ્યાઓ બિલ ફલ વગેરે લઈ તપસાશ્રમમાં ગઇ. વલ્કલચીરીએ ઉઠીને એમનું સ્વાગત કર્યું અને પૂછયું, 'તમે કયાંથી આવો છો?' વેશ્યાઓએ કહ્યું, પોતન આશ્રમમાંથી.' વલ્કલરીએ એમને આશ્રમનાં ફળ ખાવા આપ્યાં. વેશ્યાઓએ પોતે લાવેલાં ફળ વલ્કલચીરીને ચખાડયાં અને કહ્યું, 'તમારાં ફળ સાવ નીરસ છે. અમારા ફળ કેટલા સ્વાદિષ્ટ છે!' વલ્કલચીરીએ વેશ્યાઓની છાતી પર સ્પર્શ કરી કહ્યું, 'તમારી છાતી પર આ ફળ શું છે?' વેશ્યાઓએ કહ્યું, 'અમારા આશ્રમમાં રહેનારને પુણ્યોદયથી આવું ફળ પ્રાપ્ત થાય છે. તમે અમારા આશ્રમે ચાલો.' વલ્કલચીરીએ કહ્યું, 'હા, જરૂર મને લઈ જાઓ.'

વલ્કલચીરી વેશ્યાઓ સાથે જવા માટે સંકેતસ્થાને ગયો. ત્યાંથી વેશ્યાઓ સાથે થોડેક ગયો ત્યાં સામેથી સોમચંદ્ર ઋષિ આવવાના સમાચાર મળતાં વેશ્યાઓ આમતેમ નાસી ગઈ. વલ્કલચીરી તેમને શોધતો શોધતો વનમાં ભટકવા લાગ્યો, પણ કોઈ વેશ્યા તેને દેખાઈ નહિ. એવામાં વનમાં એક રથી તેના જોવામાં આવ્યો. એણે રથીને પૂછયું, 'તમે કયાં જાઓ છો?' રથીએ

કહ્યું, 'હું પોતન જાઉં છું.' રથીએ વલ્કલચીરીને લાડુ ખાવા આપ્યા. એથી તો તે પોતન આશ્રમ જવા માટે વધારે ઉત્સુક થઈ ગયો. તે રથની પાછળ પાછળ ચાલવા લાગ્યો. રસ્તામાં કેટલાક ચોરે રથી ઉપર હુમલો કર્યો. ઝપાઝપીમાં ઘાયલ થયેલા ચોરે પોતાનું બધું ધન રથીને આપી દીધું. પોતનપુર પહોંચતાં રથીએ તે ધનમાંથી કેટલુંક વલ્કલચીરીને આપતાં કહ્યું, 'આ લે તારો ભાગ. એ વિના અહીં તને કયાંય રહેવા કે ખાવા પીવા કશું મળશે નહિ.'

વલ્કલચીરી પોતનપુરમાં આશ્ચર્ય મુગ્ધ બની આમ તેમ ભમવા લાગ્યો અને લોકોને 'તાત! તાત!' કહી બોલાવવા લાગ્યો. લોકો એના ભોળપણ પર હસવા લાગ્યા. એમ કરતાં સાંજ પડી ગઇ, પરંતુ વલ્કલચીરીને રહેવા માટે કયાંય આશ્રય મળ્યો નહિ.

આપઈ કો નહિ આસરઇ,
રહેવા રિષિ નઈ ઠામ;
વહતો વેશ્યા ઘરિ ગયઉ,
એ ઉટજ અભિરામ.
દ્રવ્ય ઘણઉ દેઇ કરી,
રહ્યઉ મુનીસર રંગ;
વેશ્યા આવી વિલસતી,
ઉત્તમ દીઠા અંગ.

આમ, વેશ્યાને ત્યાં પૈસા આપીને વલ્કલચીરી રહ્યો. વેશ્યાએ હજામને બોલાવી એના લાંબા લાંબા વાળ અને નખ ઉતરાવ્યા, સ્નાન વગેરે વડે એના શરીરને નિર્મળ, સુગંધિત કરાવ્યું સુંદર વસ્ત્રો પહેરવા આપ્યાં અને પોતાની દીકરી સાથે એનું પાણિગ્રહણ કરાવી ઉત્સવ મનાવ્યો વલ્કલચીરીને આ બધો અનુભવ ઘણો આશ્ચર્યજનક લાગ્યો.

આ બાજુ, વલ્કલચીરીને લેવા માટે ગયેલી વેશ્યાઓએ પોતાનપુર આવી પ્રસન્નચંદ્ર રાજાને બધો વૃત્તાન્ત કહ્યો. એ સાંભળી રાજાને પોતાના ભાઇની ચિન્તા થવા લાગી. તેણે નાટક, ગીત વિનોદ વગેરેનો નિષેધ કર્યો. રાત્રે તેને ઊંઘ પણ આવી નહિ. તે શોકમાં રાત્રિ પસાર કરતો હતો તે વખતે તેણે ગીત વાજિંત્રોનો નાદ સાંભળ્યો. એણે રાજપુરુષોને કહ્યું, 'મારા આવા શોકમય પ્રસંગે કોને ત્યાં ઉત્સવ થઈ રહ્યો છે? તપાસ કરો.' તરત રાજપુરુષો પેલી વેશ્યાને પકડી લાવ્યા. વેશ્યાએ કહ્યું, રાજન્! મારે ઘરે એક ઋષિપુત્ર આવ્યો છે, તેની સાથે મારી દીકરી મેં પરણાવી છે. માટે મારે ત્યાં વાજિંત્રો વાગતાં હતાં. તમારા શોકપ્રસંગની મને ખબર નહિ માટે મને ક્ષમા કરો.'

આ સાંભળી ઋષિપુત્ર માટે રાજાને સંશય થયો. ઋષિપુત્રને ઓળખવા માટે એણે પેલા ચિત્ર સાથે કેટલાક માણસોને મોકલ્યા. તે પરથી જણાયું

કે ઋષિપુત્ર તે પોતાનો ભાઈ જ છે. એટલે એણે પોતાના ભાઈને હાથી પર બેસાડી રાજમહેલમાં બોલાવી લીધો. રાજાએ એને નાગરિક સંસ્કાર અને શિષ્ટાચાર શીખવ્યા અને એને કેટલીક સુંદર કન્યાઓ પરણાવી.

આ બાજુ, આશ્રમમાં વલ્કલચીરીને ન જોતાં સોમચંદ્ર ઋષિને ઘણું દુઃખ થયું અને એની ચિંતામાં ને ચિંતામાં તેઓ અંધ થઈ ગયા. બીજા તાપસો વનફળ વગેરે લાવી આપી તેમની સેવા કરતા હતા. પાછળથી જ્યારે કેટલીક તપાસ મારફત એમને સમાચાર મળ્યા કે વલ્કલચીરી પોતનપુરમાં પોતાના ભાઈની સાથે જ છે ત્યારે તેમને કંઈક સાંત્વન મળ્યું.

પોતનપુરમાં આવીને રહે વલ્કલચીરીને જોતજોતામાં બાર વર્ષ વીતી ગયાં. એક દિવસ રાત્રે તે અચાનક જાગી ગયો અને પોતાના આશ્રમજીવનનો વિચાર કરવા લાગ્યો. પોતાના પિતાનું સ્મરણ થતાં, તેમની સ્થિતિ વિશે ચિંતાતુર થતાં તે પોતાની જાતને ધિક્કારવા લાગ્યો. તેણે વનમાં જઈ ફરી પિતાની સેવા કરવાની પોતાની ઇચ્છા પ્રસન્નચંદ્ર આગળ વ્યક્ત કરી. પ્રસન્નચંદ્ર પણ તૈયાર થઈ ગયો. બંને ભાઈઓ આશ્રમમાં સોમચંદ્ર પાસે આવી પહોંચ્યા. અને રાજર્ષિના ચરણમાં પોતાનું મસ્તક નમાવ્યું. પોતાના બંને પુત્રોને મળવાથી સોમચંદ્રને અત્યંત હર્ષ થયો. તેમની આંખમાંથી હર્ષાશ્રુઓ વહેવા લાગ્યાં અને તેની સાથે જ તેમનો અંધાપો ચાલ્યો ગયો.

વલ્કલચીરી એક કુટિરમાં ગયો તો ત્યાં તાપસનાં ઉપકરણો જોઈ એને જાતિસ્મરણ જ્ઞાન થયું. એને પોતાના મનુષ્યભવ અને દેવભવનું સ્મરણ થયું. તરત ત્યાં ને ત્યાં સાધુપણાના આદર્શનું ધ્યાન ધરતાં ધરતાં અને આત્માની ઉચ્ચ ભાવના ભાવતાં ભાવતાં એને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે જ વખતે દેવતાઓએ પ્રગટ થઈ એને સાધુવેશ આપ્યો. વલ્કલચીરી કેવળીએ સોમચંદ્ર અને પ્રસન્નચંદ્રને પ્રતિબોધ આપ્યો અને પછી પોતે બીજે વિહાર કરી ગયા.

પોતાના નાના ભાઈની આવી ઉચ્ચ દશા જોઈ પ્રસન્નચંદ્રને પણ વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે પોતનપુર પાછા આવ્યા, પરંતુ એના હૃદયમાં સંસારના ત્યાગની ભાવના પ્રબળ બનતી જતી હતી. એક વખત ભગવાન મહાવીર પોતનપુરના ઉદ્યાનમાં સમવસર્યા હતા ત્યારે તેમને વંદન કરવા આવેલા પ્રસન્નચંદ્રે ભગવાનનો ઉપદેશ સાંભળી, પોતાના બાલપુત્રને રાજગાદી સોંપી ભગવાન પાસે દીક્ષા લીધી અને ત્યાર પછી ઉગ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા.

આમ, ભગવાન મહાવીરે શ્રેણિક રાજાને પ્રસન્નચંદ્ર રાજર્ષિને પ્રવ્રજ્યાનું

કારણ કહ્યું. એટલામાં આકાશમાં દેવ-દુંદુભિ સંભળાવા લાગી અને દેવતાઓનું આગમન થવા લાગ્યું. શ્રેણિક રાજાએ પ્રશ્ન કર્યો, 'આ શું થઈ રહ્યું છે?' ભગવાને કહ્યું, 'પ્રસન્નચંદ્ર રાજર્ષિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે માટે દેવતાઓ મહોત્સવ માટે આવી રહ્યા છે.' એ જોઈ શ્રેણિક રાજાને સાનંદાશ્ચર્ય થયું. તેમણે રાજર્ષિ કેવળીને ફરી ફરીને વંદન કર્યાં.

*

આમ લગભગ સવા બસો ગાથામાં આ નાનકડા કથાનકને કવિ સમયસુંદરે સુભગ રીતે આલેખ્યું છે. આવી લઘુ રચનામાં કવિત્વવિલાસને બહુ અવકાશ હોય નહિ એ સ્વભાવિક છે, વળી તેમ કરવા જતાં તત્કાલીન શ્રોતાઓને પ્રિય એવો સાદ્યંત કથા સાંભળવાનો રસ કવિત્વવિલાસમાં અટવાઈ ન જાય, આવી નાની રચનામાં ખાસ, તેની તકેદારી પણ રાખવી પડતી. આમ છતાં સમયસુંદરે જ્યાં જ્યાં તક મળી ત્યાં ત્યાં ઉપમાદિ અલંકારો પ્રયોજ્યા છે અને રસિક આલેખન કર્યું છે. નીચેની કેટલીક પંક્તિઓ એની પ્રતીતિ કરાવશે :

હીયડઈ શ્રેણિક હરખીયઉ,
　　મેઘ આગઇ જિમ મોર;
વસંત આગમ જિમ વનસપતી,
　　ચાહઈ ચંદ ચકોર.

*　　*　　*

તૂં જંગમ તીરથ મિલ્યઉ,
　　સુરતરુ વૃક્ષ સમાણ રે.
મનવાંછિત ફલ્યા માહરા,
　　પેખ્યઉ પુણ્ય પ્રમાણ રે.

*　　*　　*

માંડયઉ સમવસરણ મંડાણ,
　　ભગવંત બેઠા જાણે ભાણ.

વલ્કલચીરીને લઈ આવવા માટે પ્રસન્નચંદ્ર રાજાએ મોકલેલી વેશ્યાઓનું વર્ણન કરતાં કવિ લખે છે :

વેશ્યાની ટોલી મિલી રે વિલસતી રૂપ રૂડી રે,
　　હાં રે વારૂ ચતુર ચઉસટ્ઠિ કલા જાણ.
કંચન વરણ તનુ કામિની, રૂપ રૂડી રે,
　　હાં રે બોલતી અમૃત વાણી.
રંગીલી રે વંગીલી રે,
　　હાં રે વારૂ જોવન લહરે જાઈ.
ગજગતિ ચાલઇ ગોરી મલપંતી,
　　વિભ્રમ લીલ વિલાસ.
લોચન અણિયાલા લોભી લાગણા,
　　પુરુષ બંધણ મૃગ પાસ.

વલ્કલચીરી પોતનપુરમાં વેશ્યાને ત્યાં આવે છે ત્યારે એને સ્નાન વગેરે કરાવવામાં આવે છે તેનું મનોહર ચિત્ર કવિએ આલેખ્યું છે :

સખર સુગંધ પાણી કરી,
　　સહુ વેશ્યા કરાવ્યઉ સ્નાન રે;
વારુ વસ્ત્ર પહિરાવીયા,
　　પીલા ખવરાવ્યા પાન રે.

સીસ વણાયઉ સેહરઉ,
કાનિ દોય કુંડલ લોલ રે;
હીયઇં હાર પહિરાયઉ,
દીપતી દીસઇં આંગુલી ગોલ રે.
બંધ્યા વિહું બાંહે બહરખા,
મોતી તણી કંઠે માલ રે;
હાથે હથસાંકલી,
ભલઉ તિલક કીયઉ વલિ ભાલ રે.
ચોવા ચંપેલ લગાવીયા,
ફૂટડા પહિરાયા ફૂલ રે;
આરિમ કારિન કીયા,
કાઇંક કીધઉ અનુકૂલ રે.

પોતાનો ભાઇ વેશ્યાઓની સાથે આવતાં આવતાં કયાંક ગુમ થઇ ગયાના સમાચાર મળતાં પ્રસન્નચંદ્ર રાજા જે શોક અનુભવે છે તેનું આલેખન પણ અસરકારક થયું છે.

વાત સુણી રાજા વિલખાણઉ,
ભૂપ કરઇં દુઃખ ભારી;
મુઝ બાંધવ કોઇ મિલાઇં,
બાંધવ માહરઉ બિહુંથી ચૂકઉ,
વાત કીધી અવિચારી. મુઝ૦
મનવંછિત માંગઇં તે આપું,
સઘલઇ વાત સુણાવઇં. મુઝ૦
તાત થકી તેહનઇં મઇં ટાલ્યઉ,
ઈહાં પણિ તેહ ન આયઉ. મુઝ૦
હા! બાંધવ કિમ કરતો હોસ્યઇ,
મુઝ ન મિલ્યઉમા જાયઉ.
ભાઇ મિલઇ ઈવડઇં ભાગ કિહાંથી,
વલ્કલચીરી વીર.
આંખે દડ દડ આંસૂ નાખઇં,
દુખ કરઇં દિલગીર. મુઝ૦
નાટક ગીત વિનોદ નિષેધ્યા,
જીવણ થયઉ વિષ જેમ,
નિસ સૂતાં પણ નિંદ્ર ન આવઇ,
કહઉ હિવ કિજઇ કેમ. મુઝ૦

પ્રસન્નચંદ્ર અને વલ્કલચીરી પોતાના પિતાને મળવા માટે વનમાં જાય છે તે વખતે વનમાં એક પછી એક વસ્તુઓ જોઈ પોતાનાં બાળપણનાં સંસ્મરણો તાજાં થતાં વલ્કલચીરી તે વિશે કેવી સ્વભાવિક રીતે પોતાના ભાઇને બધી વાત કરે છે!—

આશ્રમ દીઠું અભિરામ,
ઉતર્યા અશ્વથી તામ,
સર દેખિ સાથી મેલિ,
કરતઉ હું હંસ જ્યુ કેલિ.
એ દેખિ તરૂ અતિ ચંગ,
રમતઉ ઉપરિ ચડિ રંગ.
ફૂટડા ફલ નઇં ફૂલ,
એહના આણિ અમૂલિ.

ભાઈ એ ભઈસિનું દેખિ,
વલ્કલચીરી નઈ હું વેષિ.
દોહે નઇ આણતઉ દૂધ,
પીતા પિતા અમ્હે સુધ.
મિરગલા એ રમણીક,
નિત ચરઇ નિપટિ નિજીક,
રમત હું ઈણ સું રંગિ,
બાલ તણી પરિ બહુ ભંગિ.

નવમી ઢાળમાં અને ત્યાર પછી દુહાની કડીઓમાં કથાનું સમાપન થઈ ગયા પછી દશમી ઢાળમાં કૃતિનું સમાપન કરતાં કવિ કથાનાયકને વંદન કરી એમના કેવળજ્ઞાનનું ફરી એક વાર સ્મરણ કરતાં લખે છે :

શ્રી વલકલ રે ચીરી સાધુ વાંદિયઇ રે,
હાંરે ગુણ ગાવતાં અભિરામ,
અતિ આણંદિયઈ રે.
તાપસના ઉપગ્રહણવિહાં, પડિલેહતાં,
હાંરે નિરમલ કેવલ ન્યાન;
અતિ ભલું ઉપનું, શિવરમણી રે,
સંગમનું સુખ સપનું રે.

આમ, કવિની આ કૃતિમાં સ્થળે સ્થળે આપણને રસિક, કાવ્યમય પંક્તિઓ લાધે છે. તેઓ સંગીતના ઘણા સારા જાણકાર હતા. એટલે આવી નાની રાસરચનામાં પણ એમણે પ્રત્યેક ઢાળ જુદા જુદા રાગ કે દેશીમાં પ્રયોજી છે. એમની પંક્તિઓમાં પ્રાસ-સંકલના પણ સ્વાભાવિક અને સુભગ હોય છે. મારવાડીની છાંટવાળી એમની જૂની ગુજરાતી ભાષામાં એક પ્રકારનું પ્રસાદગુણ યુક્ત માર્દવ અને માધુર્ય અનુભવાય છે. અલબત્ત, આ રાસમાં હજુ કેટલાંક રસસ્થાનો ખીલવી શકાય એવાં છે છતાં, કવિને પોતાના જમાનાની કેટલીક મર્યાદા કથનમાં અને આલેખનમાં ક્યાંય નડેલી કદાચ જણાશે. છતાં એકંદરે આ રાસકૃતિ ઠીક ઠીક આસ્વાદ્ય છે એમ અવશ્ય કહી શકાશે.

આ અંકની સમાજ કથા

ચંદ્રવદન શાહ

# પશ્ચાતાપની જ્વાળા

**[ " માનવી ધારે છે કંઈ અને થાય છે કંઈ. " એની ઇચ્છા તો હતી કે એની પત્નીને ઝેર પાઈને એ રાતોરાત અમીર બની જાય. પણ એની ઈચ્છા, એની પત્નીના નસીબને માફક ન હતી.**

**હા, એની એ ઈચ્છા ક્રૂર અને પાશવી હતી. પરંતુ એનું આખુય હૈયું કંઈ તેવું જાલીમ ન હતું. દીપક હતો એ. એની નીચે અંધારું હતું પણ એના ભીતરમાં તો એક નાનલ જ્યોત ટમટમતી હતી. એ જ્યોત સાચી કે એ અંધારું ? એ સવાલનો જવાબ આપી જતી કથા તે 'પશ્ચાતાપની જ્વાળા.'**

**—સંપાદક ]**

**પ**શ્ચાતાપની જ્વાળા દીપકને રોમ રોમે પ્રજાળી રહી હતી !

તેની પત્ની શીલા પરણીને આવી ત્યારે કેવાં તાજાં ખીલેલાં ગુલાબ સમી હતી ? આજે જાણે એ ગુલાબ કરમાઈ ગયુ હતું ! તેનો ગુલાબી વર્ણ ફટકીને વિવર્ણ થઈ ગયો હતો. તેની આંખો ઊંડી ઊતરી ગઈ હતી. તેની સુડોળ કાયા બેડોળ થઈ ગઇ હતી.

દીપકે નિશ્વાસ નાખ્યો. પડખું ફરી જઈ તેણે આંખો મીંચી દીધી. આંખો મીંચી દેવા છતાં તેને શીલા જ દેખાયા કરી. તે અસ્થિર બની ગયો.

તેણે ભોળી શીલાને છેતરી હતી. તેના નિખાલસ પ્રેમનો અને વિશ્વાસનો દ્રોહ કર્યો હતો. જે શીલાને મારી નાખવા માટે તેણે દવામાં ઝેર ભેળવ્યું હતું તે જ શીલા તેને જીવાડવા પોતાની કાયા નીચોવી રહી હતી. આ વાતનું આજે ત્રણ અઠવાડિયાં પછી દીપકને ભાન થયું ત્યારે પશ્ચાતાપની જ્વાળા તેને પ્રજાળી રહી.

પૈસાનો લોભ માણુસ પાસે કેવાં કેવાં કરપીણ કૃત્ય કરાવે છે ? શીલા પ્રેમાળ અને ભોળી પત્ની હતી. દીપકના પ્રેમમાં તેને અગાધ વિશ્વાસ હતો.

દીપકનું ગત જીવન તેની આંખ સમક્ષ ખડું થયું.

એક ધનવાનનો તે એકનો એક લાડકો પુત્ર હતો. શ્રીમંતાઇમાં જન્મ્યો અને ઉછર્યો હતો. પિતાના મૃત્યુ પછી માતાએ તેને અત્યંત લાડકોડમાં રાખ્યો. કિશોર વયનો દિપક સ્વચ્છંદી બની ગયો. યૌવનનું પરોઢ શરૂ થતાંમાં તો એના સ્વચ્છંદે એવી માઝા મૂકી કે તેની માતા એ આઘાતથી પરલોક સિધાવી. હવે દીપક સર્વાંશે સ્વતંત્ર બન્યો. વિલાસી મિત્રોની સોબત, જુગાર, દારૂ આ બધામાં એણે બાપની બધી મિલ્કત અઢી વર્ષમાં ફના કરી દીધી! સ્થાવર મિલ્કતમાં માત્ર એક મકાન જ બાકી રહ્યું.

આ જ અરસામાં શીલા એના જીવનમાં આવી. શ્રીમંતાઇમાં ઉછરેલા દીપકને ગરીબીમાં સબડવું ગમતું નહોતું. ફરી પૈસાદાર થવાની આશાએ તે જુગારમાં રચ્યોપચ્યો જ રહ્યો. પરિણામે દેવાનો બોજો વધતો જ ગયો. મકાન પણ હાથમાંથી જવાનો ભય ઊભો થયો. હતાશ દીપક આમ છતાં યે ધનવાન થવાનાં ફાંફાં મારી રહ્યો.

એક દહાડો વિચારગ્રસ્ત દશામાં તે એક હોટલમાં બેઠો હતો. હાથમાંની સળગતી સિગારેટ છેક બળી ગઈ અને તેણે એનાં આંગળાને ચટકો દીધો ત્યારે જ વિચારતંદ્રામાંથી તે એકાએક જાગૃત થયો. ત્યાં એને કાને નીચેની વાતચીત પડી.

" શું કહો છો ? આમ બની શકે ? "

" બની શકે શું ? આમ બને જ છે. આવડત જોઇએ. માલની મૂળ કીંમત કરતાં વધારે રકમનો વીમો વેપારીઓ અમથા ઊતરાવે છે ? ને વીમો ઊતરાવેલા માલને યોગ્ય સમયે આસમાની સુલતાની તો થાય જ ને?... સમજ્યોને ?...હા હા હા !... "

" તો તો અઢી લાખનો ઊતારો ! "

દીપકને આ આખી વાત યાદ રહી ગઈ. તેણે વિચાર્યું. " હું પણ મોટી રકમનો વીમો ઊતરાવું અને પછી......પણ મારી પાસે માલ જ ક્યાં છે ? માલ વિના વીમો શાનો ઊતરાવવો ? "

દીપક ગૂંચવાયો પણ એકાએક વિચાર આવતાં તેનું મોં મલકી ઊઠ્યું. તેને ઘડીભર થયું કે આટલો સરળ ઉકેલ શોધતાં પોતાને આટલો બધો વિચાર કેમ કરવો પડયો ? વીમાની શરૂઆત તો માનવીના વીમાથી થઇ છે એ પોતે કેમ ભૂલી ગયો હતો તેનું પોતાને આશ્ચર્ય થયું.

એક લાખનો વીમો ઊતરાવ્યો હોય તો ? લાખ રૂપિયા મળી જાય ને પછી બસ મોજ જ મોજ ! શીલાનો વીમો ઊતરાવ્યો હોય તો ? ને પછી... પણ શીલાને ગુમાવવી પડે એનું શું ? શીલા સરખી પ્રેમાળ, સુન્દર અને વિશ્વાસુ પત્નીનો ઘાત કેમ કરાય ?

પણ એ ન બની શકે તો પછી પૈસાદાર બનવાનાં સ્વપ્નોને તિલાંજલી આપવી જોઇએ. બલિદાન વિના સિદ્ધિ ક્યાં? ભલે શીલાનું બલિદાન આપવું પડે. પૈસા હશે તો બીજી કેટલીય શીલાઓ મળી રહેશે.

અને પછી એક દિવસ શીલાની ડૉક્ટરી તપાસ કરાવડાવીને દીપકે તેની જિંદગીનો એક લાખનો વીમો ઊતરાવ્યો. પહેલો હપ્તો પણ તેણે તરત ભરી દીધો.

અને બીજા વર્ષનો વાર્ષિક હપ્તો જે દિવસે દીપકે ભર્યો તે જ દિવસે તેણે નિશ્ચય કર્યો કે હવે પોતાની મૂળભૂત યોજનાનો અમલ કરવાનો સમય આવી લાગ્યો છે, શીલાની તબીયત હમણાં હમણાંમાં ઠીક નહોતી રહેતી એટલે દવા જોડે ધીમું ઝેર...

એક રાત્રે દીપક મોડો ઘેર આવ્યો ત્યારે શીલા તેની રાહ જોતી બેઠી હતી. દીપકના હાથમાં દવાની શીશી જોતાં શીલાએ પૂછ્યું:

"આ શું લાવ્યા?"

"દવા."

"કોને માટે?"

"શીલા! તારી તબીયત આજકાલ ઠીક રહેતી નથી, એ હું જાણું છું તારે માટે દવા લાવ્યો છું. રોજ નિયમિત ચમચી ચમચી પીજે."

"પણ મને કશું જ થયું નથી. તમે નાહકની ચિંતા કરો છો."

"હું તારી ચિંતા નહિ કરું તો કોણ કરશે? શીલા! હમણાં હમણાં તું બેદરકાર થતી જાય છે. તું તારી જાતની કાળજી ન રાખે તો પછી મારે તો રાખવી જ જોઇએ ને?"

"પણ શરીર છે, કોઈ વાર નરમગરમ થાય, એમાં ચિંતા શી કરવી?" કહેતાં શીલાનું ગોરું મોં રાતુંચોળ થઈ ગયું: "તમે કંઈ જાણો નહિ ને નકામા...ઠીક, હવે દવા લઈ આવ્યા છો તો હું પીશ. બાકી ખરેખર મને તો કંઈ જ થયું નથી."

બીજે દિવસે શીલા ઊઠી ને ઘરકામથી પરવારી ગઈ ત્યાં સુધી ય દીપક ઊઠયો નહોતો. શીલાએ સ્ટવ પર ચાનું પાણી મૂક્યું અને તે દીપકને ઊઠાડવા ગઇ:

"ઊઠોને ચા થઈ જવા આવી."

પણ કશો જવાબ મળ્યો નહિ.

તે પલંગ પાસે ગઈ અને દીપકે ઓઢેલું ખેંચી લીધું. એ ચોંકી ગઈ. દીપકનું શરીર ધ્રૂજતું હતું શીલાએ તેને કપાળે હાથ મૂક્યો. કપાળ ધગધગતું હતું! દીપકને ખૂબ તાવ ચઢ્યો હતો.

શીલા દીપકને રજાઈ ઓઢાડીને તરત ડૉકટરને બોલાવી લાવી. દીપકને ૧૦૫ ડીગ્રી તાવ હતો !

"ટાઇફોઈડ જેવું લાગે છે. ખૂબ કાળજી રાખવી પડશે." દીપકને કાને ડૉકટરના શબ્દો પડયા.

ડૉકટરનો ભય સાચો ઠર્યો. દીપક ટાઇફોઈડમાં જ સપડાયો હતો. ડૉકટરે એક નર્સ રાખવાની ભલામણ કરી. શીલાએ કહ્યું: "હું જ એની નર્સ બનીશ."

એકવીશ દિવસે દીપકનો તાવ ઊતર્યો. માંદગી દરમિયાન તેને કશું ભાન નહોતું. વચ્ચે વચ્ચે જ્યારે તેને ભાન આવતું ત્યારે શીલાને તે પોતાની સુશ્રુષા કરતી જોતો. શીલા વખતસર તેને દવા પાતી, તેના પગ દાબતી, તેનું માથું ચાંપતી અને મોસંબીનો રસ તેમ જ દૂધ પાતી.

ડૉકટરે દીપકને જ્યારે ભયમુક્ત જાહેર કર્યો ત્યારે શીલાના જીવમાં જીવ આવ્યો. શીલાએ કરેલી અણથાક સેવાનાં ડૉકટરને મોઢે વખાણ સાંભળી દીપકનું હૃદય પીગળી ગયું. આવી પ્રેમાળ અને પતિભક્તિમય પત્નીને પોતે ધીમું ઝેર આપ્યું એ વિચાર આવતાં દીપક કંપી ઊઠયો.

ધીમા ઝેરે પોતાનું કાર્ય આરંભી દીધું હશે પણ કોઈ નિષ્ણાત ડૉકટરની મદદથી હજી ય કદાચ શીલાને બચાવી શકવાની શકયતા વિશે દીપક વિચારી રહ્યો. પણ સૌ પ્રથમ તો હવે તેને એ વિષમિશ્રિત દવા પીતી આજથી જ અટકાવવી જોઈએ એવું વિચારી તે એકદમ બેઠો થઈ ગયો. તે હજી ઘણો જ અશક્ત હતો. જરાક વિરામ લઈને તેણે શીલાને હાક મારી: "શીલા !"

"આવી !" બાજુના ખંડમાંથી અવાજ આવ્યો.

અને જરા વારમાં શીલા આવી. પતિને પલંગમાં બેઠો થઈ ગયેલો જોઈ તેણે કહ્યું: "અરે ! તમે બેઠા કેમ થઈ ગયા ?"

"તું મારી ચિંતા ન કર, શીલા ! હવે તારે તારી પોતાની કાળજી રાખવી જોઈએ."

શીલા દીપક સામે જોઈ રહી. તેને કશું સમજાયું નહિ.

"પેલી...પેલી..." દીપકે આડું જોઈ કહેવા માંડયું. શીલાની નિખાલસ આંખોમાં તે જોઈ શકયો નહિ: "પેલી દવાની બાટલી..." અને દીપકને એકાએક ઉધરસ ચઢી આવી.

"ઓહ ! હવે યાદ આવ્યું." શીલા બોલી ઊઠી.

"કેમ? શું થયું?"

"મોઈ હું ય તે!" કહી શીલા ખડખડાટ હસી પડી. દીપકે હવે શીલા સામે જોયું.

"મોઈ હું ય એવી ભૂલકણી છું! તે દિવસે તમે પ્રેમથી દવા લાવ્યા ને હું તો પીવાનું જ ભૂલી ગઈ!"

"હેં? સાચે જ?" દીપક ઉદ્‌ગારી ઊઠયો.

"દવા લાવ્યા તેને બીજે દિવસે તો તમે માંદા પડયા ને તમારી માંદગીમાં તો મને કશાનું ભાન જ ન રહ્યું. હવે કાલથી જરૂર પીશ, હોં!" શીલાએ કહ્યું.

દીપકના મુખ પર દુઃખ, આશ્ચર્ય અને આનંદના વિવિધ ભાવોનું મિશ્રણ છવાઈ રહ્યું.

"જા, લઈ આવ એ દવા." તેણે શીલાને કહ્યું.

શીલા દવાની બાટલી લેવા બીજા ઓરડામાં ગઈ. દીપક વિચારી રહ્યો: "શો વિધિ સંકેત? પ્રભુએ જ શીલાને દવાની વિસ્મૃતિ કરાવી ને મને માંદો પાડયો! નહિ તો...નહિ તો..." નહિ તો શું થાત એ કલ્પનામાત્રથી દીપક ધ્રૂજી ઊઠયો.

શીલા દવાની બાટલી લઈ આવી. દીપકે તેના હાથમાંથી એ ઝૂંટવી લઈને પલંગ પાસેની બારીમાંથી બહાર ફેંકી દીધી!

"અરે! તમે આ શું કર્યું? દવા ન પીધી માટે મારા પર ગુસ્સે ભરાયા?" શીલાએ પૂછયું.

"ના, શીલા! તારા પર નહિ, હું મારી જાત પર જ ગુસ્સે ભરાયો છું." દીપકે કહ્યું.

દીપકના ફિક્કા ગાલ પર શીલાએ પ્રેમથી ચૂંટી ખણી ત્યારે શીલાના કરમાયલાં ગુલાબ ફરી તાજાં થયાં. તેમાં રતાશ આવી ગઈ. દીપક તરફ પ્રેમભર્યો અને અર્થગર્ભ એક નેત્ર-કટાક્ષ નાખીને એ ત્યાંથી નાસી ગઈ!

ધનવાન બનવાની ઇચ્છા હવે નાશ પામી હતી. સાજા થયા પછી મિત્રોની મદદથી તે નાના વેપારમાં જોડાયો. શીલાના પ્રેમમાં તે ડૂબી ગયો અને મધ્યમ વર્ગનું કૌટુમ્બિક જીવન તે સંતોષથી ગાળવા લાગ્યો.

## લેખકોને સુચના.

'બુદ્ધિપ્રભા'ના ધ્યેય અને ધોરણને ધ્યાનમાં રાખીને જ પોતાની કૃતિઓ મોકલવા લેખક મિત્રોને વિનંતી છે. લખાણ સાથે બુકપોસ્ટ માટેની જરૂરી ટાકિટો બીડી હશે તોજ લખાણ પાછુ મોકલવામાં આવશે. લખાણના સ્વીકાર માટે છ નયા પૈસાની ટીકિટ બીડી હશે તોજ જવાબ આપવામાં આવશે. કાવ્યો લેવામાં આવતા નથી.

# અર્થ અનર્થ

આ માસની ઇતિહાસ કથા

શ્રી સત્યમ

[ શ્રમણ એ તો અપરિગ્રહની પ્રતિકૃતિ છે. એ જ પ્રતિકૃતિ જો વિકૃતિમાં બદલાઈ જાય તો ?

શ્રી સત્યમ્ એક એવા સૂરિનો આપણને પરિચય કરાવે છે કે જે અપરિગ્રહી છતાં પરિગ્રહી છે.

અને નવાઈ તો એ છે કે ભાન ભૂલેલા એ રાહીને એક શ્રાવક રાહ પર લાવે છે.

ગુરુની ઋજુતા અને શિષ્યની વિનયી નિડરતાની ઝાંખી કરાવી જતી આ વાર્તામાં આપણી એક સાહિત્ય કૃતિનો ઇતિહાસ ગૂંથાયો છે.

—સંપાદક ]

ચૌદમાં સૈકાના ઉત્તરાર્ધમાં ધોળકામાં સુધન નામનો એક શ્રાવક રહે. સુધન આમ તો કાલા-કપાસનો ધંધો કરે પણ એનું ચિત્ત ચોવીસે કલાક ધર્મમાં જ રચ્યું પચ્યું રહે. સમય મળે કે ન મળે તો પણ સામાયિક કરવાનું કે દેવદર્શન કદાપિ ચૂકે નહિ. બહારથી જોનારને તો ખ્યાલ પણ આવે નહિ કે રૂપિયા, આના પાઈથી જીવનનો પંથ ખેંચનાર આ સુધનના આત્મામાં ધર્મનો આવો ઊંડો દૃઢ લેપ લાગ્યો છે, અને સુધન માટે પણ આ વસ્તુ કોઇકવાર ન સમજાય એવી બની જતી. એથી કોઈ વાર રાત્રિએ પથારીમાં પાસાં ફેરવતાં એનો જીવ બોલી ઉઠતો: 'આ તે ધર્મની કેવી પ્રબળતા ! કયાં વેપાર વાણિજ્યની તદ્દન પ્રાકૃત જડ અને નિરસ દિનચર્યા અને કયાં આત્માને ઉન્નત બનાવનાર ધાર્મિક મનોવૃતિ ! આ પરસ્પર વિરોધી વસ્તુઓનો સુભગ સંગમ મારામાં રચીને જિન પ્રભુએ કેવી જીવન વિચિત્રતા ઊભી કરી છે.

એકવાર દુકાનની અંદર સુધન

બેઠો હતો. રૂ કપાસના સોદાની વાતચીત બીજા ગ્રાહકોની સાથે ચાલતી હતી.

એવામાં એક માણસ એમની દુકાન આગળ થઈને પસાર થયો એના શરીરે વળગેલી ઝીણી રજોટી અને કપડાંની અસ્તવ્યસ્ત સ્થિતિ જોઈને જ ખ્યાલ આવી જાય કે આ માણસ કોઈ લાંબી ખેપ કરીને આવ્યો હોવો જોઈએ.

સુધનની દૃષ્ટિ એના પર પડી. એ ક્યાંથી આવે છે એ જાણવાની ઉત્સુકતાથી સુધને તેને ઊભો રાખ્યો અને પૂછ્યું: 'કેમ ભાઈ, આમ લાંબો પંથ કરીને ક્યાંથી આવો છો?'

સુધનની ધાર્મિકતાથી પરિચિત એવા પેલા માણસે ઉભા રહીને જવાબ આપ્યો: 'રાયખંડ વડલી ગયો હતો.'

'કેમ કંઈ વેપાર અર્થે?'

'ના, ના.'

'તો?'

'રત્નાકરસૂરિના દર્શનાર્થે!'

'રત્નાકરસૂરિ? હં...હં......નામ તો સાંભળ્યું છે, પણ દર્શનનો લાભ મળ્યો નથી.

'તો એ બધું નકામું.'

'એટલે?'

'એટલે એમ કે એમનું વ્યાખ્યાન જ્યાં સુધી આપણે સાંભળ્યું નથી ત્યાં સુધી એમનું નામ સાંભળવાનો કશો અર્થ નહિ.'

'જરા માંડીને વાત કરો તો સમજાય!' સુધન બોલ્યો.

પેલો દુકાનના ઓટલા પર બેઠો. ખેસ વતી મોંએ વળેલો પરસેવો લૂછી નાખ્યો. જરા સ્વસ્થતા પ્રાપ્ત કરી, પછી અત્યંત શાંત અવાજે સુધનને કહેવા માંડયું:

'એમનું વ્યાખ્યાન દલીલો અને તર્કોથી વિશદ બને છે. એમની, દૃષ્ટાંતો અને ઉદાહરણો વિષયની સાથે સાંકળી લેવાની શૈલી એવી તો આકર્ષક ને હૃદયંગમ બને છે કે શ્રોતાજનોને વ્યાખ્યાન અધૂરૂં મૂકીને ત્યાંથી ઉઠવાની ઈચ્છા પણ થાય નહિ. એમની અમી-ભરી વાણીની વર્ષામાં જાણે સતત નાહ્યાજ કરીએ એવો મનોભાવ પ્રત્યેક શ્રોતાજનના ચિત્તમાં ઉભો થાય છે. એમની ધર્મવાણી આસ્વાદવાનો લહાવો જેને મળ્યો નથી એનું જીવતર એળે ગયું છે એમ કહીએ તો એમાં જરાયે અતિશયોક્તિ નથી.'

સુધન આ બધું એક ધ્યાને સાંભળી રહ્યો. તેની આંખો એકાએક બંધ થઇ ગઈ. એ જાણે એમ કરીને આત્માની ઊંડી ખોજમાં ઊતરી ગયો.

અને બે ચાર ક્ષણ બાદ એણે આંખો ઉઘાડી ને બોલવા લાગ્યો: મારો સંકલ્પ છે કે હું આવતી કાલે જ

રાયખંડ વડલી જઈશ અને એ પરમ વિદ્વાનની વાણીનું શ્રવણ કરીશ.'

બીજે દિવસે જ વેપારનો એ જંજાળી જીવ રાયખંડ વડલી જવા રવાના થયો. પાછળ પોતાના વેપારનું થશે કે પોતાનાં બાળ-બચ્ચાઓનું થશે એની પણ એ જીવે કશી ખેવના કરી નહિ. એના મનમાં તો એક જ ધૂન સવાર થઈ હતી કે, કયારે રત્નાકરસૂરી પાસે જઇ પહોંચુ અને કયારે એમની ધર્મવાણીની વર્ષાને ઝીલી મારા જીવતરને ધન્ય બનાવું.

તે રાયખંડ વડલી પહોંચ્યો એ વેળા રત્નાકરસૂરીનું વ્યાખ્યાન ચાલુ જ હતું. સુધન આસ્તેથી એક ખૂણાની અંદર બેસી ગયો. વ્યાખ્યાન ધીમે ધીમે આગળ ચાલવા લાગ્યું. સુધન વ્યાખ્યાન સાંભળવામાં એવો તો તલ્લીન બની ગયો કે તેને સ્થળ અને સમયનું ભાન પણ રહ્યું નહીં. સભા આખી વિખેરાઇ ગઈ અને શ્રોતાજનો પોતપોતાને ઘેર ચાલ્યા ગયા એ વાત પણ એ તલ્લીનતા આડે જાણી શકયો નહિ.

રત્નાકરસૂરિને માટે પણ આ વાત આશ્ચર્યજનક બની ગઇ.

તે સુધન પાસે આવ્યા અને બોલ્યાઃ "ભાઈ, વ્યાખ્યાન પૂરું થયું. ઘેર નથી જવું ?"

સુધને એકદમ આંખ ખોલી. ભાવભરી નજરે તે સૂરિ તરફ જોવા લાગ્યો.

ને પછી સૂરિના ચરણમાં મસ્તક નમાવીને કહ્યું: 'ઘર ને બા'ર ! એ તો ચોવીસે કલાક જિંદગીમાં લખાયેલાં જ છે ને ! જિંદગીમાં નથી મળતો માત્ર આપનો આવો ધર્મોપદેશ. મનને એમ જ થયા કરે છે કે સંસારની સર્વ માયાને સંકેલીને આપની આ ધર્મવાણીની વર્ષાને નિરંતર ઝીલ્યા કરીએ.'

સૂરિના આત્માને એ સમજતાં વાર લાગી નહિ કે આ માણસ સાચો અનુરાગી છે. આ વ્યવસાયે ભલે વેપારી હોય પણ એનો આત્મા સાચો ધર્મિષ્ઠ છે.

એમણે પછી તો સુધનને એની ઓળખાણ આપવા કહ્યું અને સુધને પોતાની ઓળખાણ સૂરિને આપી.

એમણે પછી તો સુધનને એની ઓળખાણ આપવા કહ્યું અને સુધને પોતાની ઓળખાણ સૂરિને આપી.

પોતાની ઓળખાણ આપ્યા બાદ સુધન સૂરિને કહેવા લાગ્યોઃ 'મહારાજ, આવ્યો હતો તો એકાદ બે દિવસ અહીં રહીને આપની ધર્મવાણી સાંભળવા, પણ આજે આપનું વ્યાખ્યાન સાંભળીને મને લાગે છે કે એકાદ બે દિવસ ઓછા પડશે. એટલે બે ચાર મહિના હું અહીં જ રહીશ.'

અને બન્યું પણ તેમજ, સુધન બે ચાર મહિના સુધી ત્યાં રોકાયો. વેપાર-વાણિજ્યની જંજાળમાંથી મુક્તિ મેળ-

ચીને એણે પોતાનો ઘણોખરો સમય સૂરિની પાસે જ ગાળવા માંડયો. સવારના વ્યાખ્યાન સાંભળે, બપોરના સામાયિક કરે, સાંજના પ્રતિક્રમણ કરે અને એ રીતે આખો દિવસ ધર્મક્રિયામાં જ ગાળે.

પણ એવામાં એક એવો પ્રસંગ બન્યો કે જેણે સુધનના આત્માને હચમચાવી મૂક્યો. એના શાંત, સ્વસ્થ અને સમથલ ચિત્તના વારિમાં એકાએક ક્ષોભ ઉભરાઇ આવ્યો.

સુધન સામાયિકમાં આ રીતે બેઠો હતો એવામાં અચાનક જ તેની નજર પાટ પર બેઠેલા સૂરિજી પર પડી અને નજર પડતાં જ તે વિસ્મિત થઇ ગયો.

સૂરિજીએ એક નાની પોટલી ખોલી. પોટલીની અંદરથી પરવાળાં, નીલમ અને સાચાં મોતી બહાર નીકળી આવ્યાં. સૂરિજીએ ખૂબ ધ્યાનથી એ પરવાળાં, નીલમ અને મોતી ગણી લીધાં. એમાં કશી વધઘટ તો થઈ નથીને, એની પાકી ખાત્રી કરી લીધી. ખાત્રી કર્યા બાદ ખૂબ જતનપૂર્વક એમણે એ પોટલીની અંદર બાંધી દીધાં અને પોટલીને તેની મૂળ જગાએ મૂકી દીધી.

સુધને છાની રીતે આ જોઈ લીધાં. સૂરિજીને તો ખ્યાલ સુદ્ધાં પણ આવ્યો નહીં કે સુધન આ વસ્તુ જોઈ ગયો છે.

સુધનનો આત્મા આ જોઇને કકળી ઉઠયો. તે મનોમન બોલવા લાગ્યો: 'અરેરે, આ તે કેવું વિચિત્ર ! અપરિગ્રહના વ્રતધારીનો આ કેવો મોટો પરિગ્રહ ! અનાસક્ત આત્માને આ કેવી મોટી આસકિત ! અને અર્થને શાસ્ત્રમાં સર્વ અનર્થોનું મૂળ કહેવામાં આવ્યું છે, એ વાતનું વ્યાખ્યાનમાં પ્રતિપાદન કરતાં સૂરિજ એમાં લપટાઈ ગયા ! ગઈ કાલે જ એમણે અર્થનું અનર્થ વર્ણવતાં કહ્યું હતું :

દોસસયમૂલજાલં પુવ્વરિસિ
વિવજ્જિયં જઈવંતં ।
અત્થં વહસી અણત્થં કીસ
અણત્થં તવં ચરસી ॥

અર્થાત્ અર્થ એટલે પૈસો. એ સર્વ દોષોના મૂળરૂપી જાળવાળો છે. આ કારણથી જ પૂર્વઋષિઓએ તેનો ત્યાગ કર્યો છે. જે કોઈ આ અનર્થ કરે એવા અર્થને પોતાની પાસે રાખે છે તેનું તપ નિરર્થક બને છે. આમ શાસ્ત્રોક્ત અર્થની અનર્થતાને સમજનાર આ સૂરિ જ છે એમાં ફસાઈ ગયા એ તો ભારે વિચિત્ર કહેવાય !

સુધનને તે રાતના ઊંઘ પણ આવી નહિ. મનની અંદર એક જ ધૂન આવી ઊભરાઇ કે મારે ગમે તેમ કરીને પણ સ્વામીજીને જણાવવું કે અર્થની આ આસક્તિમાંથી આપ આપના આત્માને મુક્ત કરો, નહિ તો આપનો આ વૈરાગ્ય એકડા વિનાના મીંડા જેવો બની રહેશે. આપનું સાધુત્વ આ અર્થની

આસક્તિમાં અટવાઇ જશે. આપનો કોઈ પણ રીતે આત્મોદ્ધાર થશે નહીં.

પણ આ સાથે એક બીજી મુશ્કેલી સુધનના મનમાં વંટોળની જેમ આવી ઊભી. તેને થયું કે હું તો એક સામાન્ય સંસારી, હું આવા મહાન ધર્માચાર્યને આ વાત કેમ કરીને જણાવી શકું ?'

તો પછી ?

અને એ જ ક્ષણે એનાં મનમાં એક વિચાર ઝબકી ગયો. એ વિચાર કામિયાબ નીવડશે એવી તેને ખાત્રી થઇ ચૂકી.

બીજે દિવસે તે સ્વામીજી પાસે ગયો. હાથ જોડીને તે કહેવા લાગ્યો : 'દોસસય મૂલજાલ' એ ગાથાનો મને અર્થ સમજાતો નથી. આપ મને એનો અર્થ સમજાવો.'

સૂરિએ એ ગાથાનો અર્થ કરી બતાવ્યો. અર્થ એ જ સર્વ અનર્થોનું મૂળ છે એ વાકય એમણે બે ત્રણ વાર સુધનને કહી સંભળાવ્યું.

સુધન અર્થ સાંભળીને પાછો ગયો.

વળી બીજે દિવસે તે એ જ ગાથા લઇને સૂરિ પાસે આવ્યો અને કહેવા લાગ્યો: 'મહારાજ, આપે જે અર્થ કર્યો એથી મારા મનને જે આનંદ થવો જોઇએ એ થતો નથી તો મને એ અર્થ સવિસ્તર કહો.'

મહારાજે સવિસ્તર અર્થ કહી સંભળાવીને અર્થનું અનર્થ સમજાવ્યું, છતાંયે સુધનનું મન પરમ સંતોષ અનુભવી શક્યું નહી.

ને પરિણામે તે ત્રીજે દિવસે અર્થ સમજવા સૂરિજી પાસે આવ્યો.

સૂરિજીને મનમાં થયું કે આ તો ભારે નવાઈની વાત કહેવાય ! હું રોજ જુદી જુદી રીતે આ ગાથાનો અર્થ સુધનને કહી સંભળાવું છું છતાં એ અર્થ હૃદયને સ્પર્શી કેમ શકતો નથી ? આમાં ભૂલ કયાં છે ? કઇ એવી વસ્તુ છે કે જે મેં કરેલા અર્થને સુધનનાં અંતરાત્માની ભૂમિનો સ્પર્શ કરતાં અટકાવે છે !

પછી તો આમ ૭ મહિના સુધી ચાલ્યા કર્યું.

રોજ સુધન આવે અને રોજ સૂરિજી ગાથાનો નવી નવી દૃષ્ટિ ને નવી નવી ઉક્તિઓ દ્વારા અર્થ સમજાવે છતાં સુધનને સંતોષ થાય નહીં. એ તો એક જ વાત સૂરિજીને કહેઃ 'મને પૂરેપૂરો સંતોષ થાય એવો અર્થ સંભળાવો.''

સૂરિજીના મનની મૂંઝવણ આથી વધવા લાગી.

મનમાં વિચારે કે મારાં વ્યાખ્યાનો શ્રોતાજનોનાં અંતરના છેક ઊંડા તલને સ્પર્શી શકે છે તો આ ગાથાનો અર્થ સુધનના આત્મા સુધી કેમ અસર કરી શકતો નથી.

અને આ સાથે એમને મનમાં

વિચાર આવ્યો કે કદાચ એમ પણ કેમ ન હોય કે સુધનને અર્થથી સંતોષ થયો હોય અને છતાં મારો ખોટો ઉપહાસ કરવા તે રોજ મને આ પ્રમાણે પૂછવા આવતો હોય!

પણ આ વિચારની સાથે જ એમની દૃષ્ટિ સામે સુધનની સાત્ત્વિક મનોમૂર્તિ તરવરી રહેતી અને એ મનોમૂર્તિ સૂરિને જાણે કહેતીઃ જુઓ મારી આંખની જ્યોતમાં, તમને ગુરૂનો અનાદર કરતી કોઈ પ્રકાશ રેખા જોવા મળે છે? મારા મુખ પર દૃષ્ટિ કરો. જણાય છે ક્યાંય ધર્મ કે ગુરૂની હાંસી કરવાની એક પણ ભાવરેખા?

આ જોઇને સૂરિના મનને થતું કે ના ના, આમ એના વિશે શંકા લાવવી એ જ એક મહાન ભૂલ છે.

તો પછી પોતાનો અર્થ સુધનના મનને માટે ન સ્પર્શી શકે? આનું કારણ શું? આનું મૂળ શું?

આવા જ વિચાર-ઝોલામાં સૂરિજી એક વાર જાગતા પાટ પર આળોટતા હતા. મન વિચારતું હતુંઃ સુધન રોજ મને પૂછે કે અર્થ એ સર્વ દોષોનું મૂળ છે......એ વાત તમે કહો છો છતાં હું સમજી શકતો નથી. આ સુધનને મારે હવે કેવી રીતે સમજાવવો? એને કઈ રીતે મારે સાબીત કરી આપવું કે આ ગાથાની અંદર અર્થના અનર્થનું જે વિવરણ કરવામાં આવ્યું છે તે એક સનાતન સત્ય જેવું છે. આ સત્યને જે જાણે છે એ સત્યનું જ આચરણ કરે છે......

ને સૂરીને પેલી મોતી ને પરવાળાની પોટલી યાદ આવી. પોટલી યાદ આવતાં જ એમના મનમાં કશોક નવો જ વિચાર પ્રકાશ છવાયો.

ને એ વિચાર પ્રકાશથી–વિચાર ઝબકારાથી તેઓ બેઠા થઈ ગયા... ને એ જ ક્ષણે તેઓ મનોમન બોલી ઊઠ્યાં: જડી ગયું કારણ! અર્થ અનર્થ છે એનો સાચો અર્થ મને સાંપડી ગયો.

ને બીજે દિવસે સુધન રત્નાકરસૂરિ પાસે આવ્યો.

સૂરિએ પ્રેમપૂર્વક સુધનને બેસાડયો ને પેલી પોટલી ખોલીને અંદરનું બધું જ ઝવેરાત એમણે થોડે દૂર વહેતી ખાળમાં ફેંકી દીધું.

સુધન બોલ્યોઃ 'સ્વામિ સ્વામિ! આ શું કરો છો? સાચાં મોતી અને પરવાળાંને આમ ફેંકી દો છો! અરે, આવા મોતી તો ભાગ્યે જ મળે છે! આપ આ શું કરી રહ્યાં છો?'

ને સૂરિએ કહ્યુંઃ 'ભાઈ સાચો અર્થ તો તું જ સમજ્યો હતો. અર્થને કહેનાર હું એક જ અર્થ પ્રિય રહ્યો હતો. સર્વદોષોના મૂળરૂપ અર્થને

વર્ણવનાર હું જ અર્થના અનર્થમાં ફસાયો હતો. અને છતાં એ વાતની જાણ નહોતી એ શું ઓછી મારી અવહેલના છે? જીવનની આવી મોટી કરુણતા સાધુ માટે બીજી કઈ હોઇ શકે? જે વસ્તુને સર્વ વસ્તુઓનું અનિષ્ટ લોકો સામે જાહેર કરવું, એજ વસ્તુમાં પોતે બંધાઈ જવું એ વસ્તુ કરતાં બીજી કઈ વસ્તુ વધારે કરુણ હોઈ શકે!'

' આપ તો વિદ્વાન છો...શાસ્ત્રોના જાણકાર છો...'

'બધું જ હું–નથી એક દીવા જેવી સનાતન સત્ય–વસ્તુને જોઈ શકનાર, પણ આજે તેં મને એ દૃષ્ટિ આપી અને મને સમજાયું કે જે વસ્તુ મેં જ જીવનમાં ઉતારી નથી એ વસ્તુ બીજાના જીવનમાં હું કઈ રીતે ઉતારી શકું? સદાચાર લોકોમાં જાગૃત થાય અને નીતિમત્તાની ભાવના સમગ્ર રાષ્ટ્રમાં ફેલાય એવી ભાવનાથી સદાચાર ને નીતિ પર વ્યાખ્યાન આપવાનો અધિકાર લઈને બેઠેલ સાધુ જ જો એ ભાવનાને પોતાના જીવનમાં અમલી ન બનાવી શકે તો એના ઉપદેશની અસર લોકો પર ક્યાંથી થાય? જો એમ થયું હોત તો લોકો સાધુ પાસે આવવાને બદલે પોપટ પાસે જ ન જાત! અને એ પઢાવેલ પોપટ પાસેથી જ ધર્મથી જ ધર્મનાં કે સદાચારનાં સૂત્રો ન સાંભળત!'

સુધન શાંત ચિત્તે સાંભળી રહ્યો હતો.

સૂરિજીએ આગળ કહ્યું: ' ભાઈ, તું જ મારો સાચો ગુરુ છે! તેં જ અર્થનો રોજ અર્થ માગીને અર્થનો અનર્થ મને સમજાવ્યો. જો તેં રોજ રોજ અર્થ ન માગ્યો હોત તો કોણ જાણે હું ક્યારેય અર્થના અનર્થમાંથી છૂટયો હોત.

પછી તો એમ કહેવાય છે કે સૂરિજીને પોતાના આ જાતના સંયમદોષનો મનમાં ખૂબ ઊંડો પશ્ચાતાપ થયો અને એ પશ્ચાતાપમાંથી જન્મ પામ્યું. '**રત્નાકર પચ્ચીશી**' નામનું એક ઉત્તમ સ્તોત્ર! જે સ્તોત્રે રત્નાકરના નામને અમર બનાવ્યું.

**એપ્રિલ ૧૯૬૪માં " બુદ્ધિપ્રભા "નો, મહાવીર જન્મ કલ્યાણક પ્રસંગે દળદાર વિશેષાંક નીકળશે ચાલુ અંક કરતાં તેની કિંમત વધુ હશે. પાના, વાર્તાઓ, માહીતિઓ, ફોટા બધું જ ચાલુ અંક કરતાં વિશેષ હશે ' બુદ્ધિપ્રભા 'નું લવાજમ ભરનારને તે અંક લવાજમમાં જ મળશે. માટે આજે જ તમે લવાજમ ભરો અને એ સમૃદ્ધ વિશેષાંક મેળવો.**

# ટેવની કુટેવ

આ માસની વ્યંગ કથા

—શ્રી. મધુસૂદન પારેખ
(ડૉક્ટર)

**[ દરેક માનવીને લગભગ પોતાના ખાસ શબ્દો હોય છે. તે જ્યારે બીજા સાથે વાતચીત કરે છે ત્યારે એ શબ્દો અવશ્ય અવરનવર, કારણ વિના બોલે જ છે. એવા કેટલા શબ્દોથી કેવા છબરડા વળે છે તેની તેમ જ માનવ સ્વભાવની સાહજિક દુર્બળતાની, હળવી શૈલીમાં કહી જતી આ વાર્તા તમારે વાંચવી જ રહી.**

**—સંપાદક ]**

'તમે કાલથી વહેલા ઊઠવાની ટેવ પાડો. જુઓ પછી તમારું શરીર એવું તેજસ્વી બનશે...' મારા એક મિત્રે મને સવારે નવ વાગે ઊંઘમાંથી ઢંઢોળીને જગાડયો. ચા પીતાં પીતાં એમણે મને ઉપર મુજબ સલાહ આપી.

મેં કહ્યું, 'હું ટેવ પાડવામાં માનતો જ નથી. કોઈ વસ્તુની કદી પણ ટેવ પાડવી નહિ. માણસ પહેલાં ટેવ પાડે છે પછી ટેવ માણસને પાડે છે.'

'એ તમારી ફિલ્સૂફી જવા દો. સારા કામની ટેવ હંમેશા પાડવી જોઇએ.'

'પણ સારું કામ કયું? કઈ ટેવ સારી અને કઇ ખરાબ?'

'વહેલા ઊઠવાની ટેવ સારી.'

'કૂકડાં માટે સારી, પણ આપણે વહેલા ઊઠીને શું કરવું?'

'શીર્ષાસન કરો.'

'શીર્ષાસન કરવા માટે વહેલા ઊઠવાની ટેવ પાડું? શીર્ષાસન મને જ પાડી દે તો?'

'તમે એક વાર તો અખતરો કરી જુઓ! વહેલા ઊઠવાની ટેવ તો બહુ સારી તમને એના લાભ તરત સમજાશે.'

'ભલે ત્યારે, તમે કહો છો તો આજથી જ ટેવ પાડું.'

'આજથી નહિ. આજે તો બપોર થઇ ગઈ. કાલથી ટેવ પાડો.'

બીજે દિવસે એ ભાઈ મારે ત્યાં આવ્યા. સવારે નવ વાગ્યે રાબેતા મુજબ હું ઉંઘતો હતો.

'કેમ ટેવ ન પડી ?'

'ના રે, હું પડી ગયો.' મેં આંખો ચોળતાં કહ્યું.

'ક્યાં પડી ગયા...?'

'ઉંઘમાં.'

'એટલે તમે વહેલા ઊઠયા જ નહિ.'

'ઊઠયો-ખાસ્સું ઊઠયો.

'ઊઠીને પછી શું કર્યું ?'

'દૂધવાળાની રાહ જોઈ.'

'હત્ તમારી...' એ ભાઈ નિરાશ થઇને બોલી ઊઠયા.

પ્રભાતનો સમય દૂધવાળાની વાટ જોવામાં તમે બગાડયો. ?'

'હારતો, સવારના પહોરમાં બીજા કોની વાટ જોવાની હોય ?'

'વારુ પછી ?'

'પછી ચા પીધી અને ઊંઘ આવી એટલે ઊંઘી ગયો.'

'તમને મોડા ઊઠવાની કટેવ પડી ગઈ લાગે છે ? એમ કહીને એ મિત્ર નિરાશ થઇને ગયા.

મને કોણ જાણે કશાની ટેવ પાડવી ગમતી નથી. ટેવથી માણસ ટેવાય છે. અને એનું મગજ કટાય છે.

રોજ સવારે વહેલા ચાર વાગે ઊઠવાની ટેવને શું કરવાની ? ચાર વાગે ઊઠવાની ટેવ ઘરડા માણસોને ભલે હોય; કારણ, એમની ઊંઘ ઓછી થઈ ગઈ હોય; પણ જુવાન માણસ ચાર વાગે ઊઠીને શું કરે, દાઢી છોલે ? વાંચે ? કસરત કરે ? શરીરે માલીસ કરે ? બૂટ પાલીશ કરે ? પ્રભાતિયાં ગાય ? બંબો સળગાવે ? બીડી પીએ ? શું કરે ? એ બધું કરવા કરતાં ઊંઘે તો શું ખોટું ?

પણ ઘણા લોકોને આવી ટેવો પાડવાની કટેવ જ પડી ગઇ છે.

મારા એક વડીલ સંબંધી હમેશાં નકોરડો શનિવાર કરે છે. મેં એમને વારંવાર એમની તબિયત બગડતી જોઇને કહ્યું, 'પણ તમારે શનિવાર કરવાની જરૂર શી ?'

'આરોગ્ય માટે.'

'પણ તમારું આરોગ્ય તો ઊલટું બગડે છે.'

'પણ હવે ટેવ પડી ગઈ.'

'ટેવ નહિ, કટેવ...તમે શનિવાર કરી તમારી હોજરીને સુસ્ત કરીને બગાડો છો. શનિવાર છોડશો તો તબિયત સુધરી જશે.'

પણ પડી ટેવ તે ટળે કેમ ટાળી ? એમણે ટેવ છોડી નહિ અને ટેવે એમને છોડયા નહિ.

ટેવ પણ અનેક પ્રકારની હોય છે. સવારના વહેલા ઊઠવાની ટેવ તો જાણે ઠીક, પણ કેટલાકને બહુ વિચિત્ર ટેવો હોય છે. એ લોકો નવી નવી ટેવોની કુટેવ પાડયા જ કરે છે.

મારા એક મિત્રને વાત વાતમાં તાળી આપવાની કટેવ પડી હતી. એકાદ વાકય બોલે ને પછી તાળી માગે. પાંચ મિનિટમાં મારે એમને સાત તાળી આવી જ પડે.

અને હું તાળી ન આપું તો એ સામેથી તાળી આપે. એક વાર વાત વાતમાં એક બહેનને એમણે જોરથી તાળી ઠોકી દીધી. પણ પછી તરત એમને એ બહેનના પતિની રાતી આંખો જોઈ તરત સાત-તાળી રમવી પડી.

એક ભાઈને દર રવિવારે દૂધી-ચણાનું શાક ખાવાની કટેવ પડી ગઇ હતી. એક રવિવારે કોઈના લગનમાં એમને દૂધી-ચણા ન મળ્યા તેમાં તો એમણે આખા જગતને શ્રાપ દીધો. ઘેર આવીને પત્ની પાસે દૂધી-ચણાનું શાક કરાવીને એ જમ્યા પછીજ જંપ્યા.

ટેવ માણસના મનને યાંત્રિક અને જડ બનાવી મૂકે છે. એકની એક વસ્તુ વારંવાર કરવાથી એ વસ્તુની ટેવ પડતી હોય છે. ઘણા માણસો નવી નવી ટેવો પાડયા જ કરતા હોય છે. પછી એ ટેવો એના પર એવી સવાર થઈ જાય છે કે એ ટેવ વિના એમને ચાલતું જ નથી.

એક પૈસાદાર કુટુંબમાં દર શનિવારે મેટિનીમાં જવાની દરેકને ટેવ છે. રવિવારે ભેળ તો ખાવો જ પડે. અમુક દિવસે અમુક વસ્ત્રનો વારો આવે. અને સોમવારે સેન્ડલ પહેર્યાં હોય તો મંગળવારે મોજડી અને બુધવારે બૂટ. શનિવારે સૂટ પહેર્યો હોય તો સોમવારે સુરવાલ. આમ ટેવોનું ટાઈમટેબલ જ ઘડાઈ ગયું છે. એક વાર સોમવારે ધોબી માંદો પડયો અને એમનો આખો દિવસ બગડી ગયો.

એક કુટુંબમાં ઘડિયાળને ટકોરે જ કામ કરવાની બધાને ટેવ પડી ગઈ હતી. એમને ત્યાં સવારના ઊઠે ત્યારથી રાતે સૂએ ત્યાં સુધી બધાં જ કામ ઘડિયાળને ટકોરે થાય. એમનો હજામ પણ નવને બદલે નવ ઉપર પાંચ મિનિટે આવે તો હજામત રદ-અને બે વાર મોડો થાય તો હજામ પણ રદ. એમને ત્યાં કોલેજમાં ભણતાં એક બહેને એમના ભાવિ પતિ એક વાર એમને ઘેર જમણવારમાં સાડા ત્રણ મિનિટ મોડા પડયા તે માટે એમની સાથેનો વિવાહ ફોક કર્યો હતો!

રાતે સાડા નવ થાય એટલે બધાંની લાઈટ બંધ-દસ વાગે તો બધાં ઉંઘતાં જ હોય-હોવાં જોઈએ. કદાચ નસકોરાં પણ અમુક સમયે જ

બોલતાં હોય તો નવાઈ નહિ ! જેમ ટેવ વધારે તેમ ગુલામી વિશેષ. હું તો ટેવ પાડવામાં માનતો જ નથી. રોજ સવારે નવ વાગ્યે ઊઠતા હોઇએ તો એક દિવસ સવારના ચાર વાગ્યે ઊઠીને આપણે ફિલ્મી પ્રભાતિયું ગાવા માંડીએ. લોકોને તો જ આપણા જીવનમાં કુતૂહલ પેદા થાય. રોજ મારી પત્ની દૂધ લેતી હોય, પણ કોઈ સવારે દૂધવાળો આપણું મોં જુએ તો એ ધીમેકથી જરૂર સહાનુભૂતિ દર્શાવવાનો 'બહેન બહારગામ ગયાં છે ?'

રોજ ઓફિસમાં નિયમિત જઇએ તો સાહેબ આપણી સામે પણ જુએ નહિ. પણ આઠ–દસ દિવસે એકાદ કલાક મોડા પહોંચીએ તો સાહેબ જાણે વહાલમની વાટ જોતા હોય એવી આતુરતાથી આપણી કેવી પ્રતીક્ષા કરે છે. આપણે દાખલ થઇએ કે તરત આપણી આંખ સાથે આંખ મેળવવા પ્રયત્ન કરે, આપણે એ નજરથી નજરાઈ ન જવાય તે માટે ફાઈલમાં માથું ખોસી દઇએ; પણ સાહેબ બે શબ્દો કહે ત્યારે જ એમને જંપ થાય. એકાદ દિવસ મોડા પડવાથી કેટલા બધા માણસોનું ધ્યાન ખેંચી શકાય છે ?

આ બધી તો આચરણ કે વર્તનની ટેવોની વાત થઈ. કેટલાકને અમુક જ રીતે બોલવાની પણ ટેવ પડી જાય છે. એક બહેન કોઈ શાળામાં નોકરી કરે છે. તે દિવસમાં ચાલીસ પચાસ વાર 'થેંક યૂ, અને 'સોરી' નો ઉપયોગ કર્યા જ કરે છે. એક વાર ચોમાસામાં કેળાની છાલ પરથી લપસી પડયાં તો ય "sorry" બોલી ઊઠયાં. એક ભાઇને વાત વાતમાં પોતાને માટે માનાર્થે બોલવાની આદત પડી ગઈ હતી. એક શુભ સવારે મારે ત્યાં આવીને મને કુમકુમ પત્રિકા આપીને કહેઃ જરૂર આવજો હો !'

'પણ કયાં ?'

'આપણા લગનમાં.'

'આપણા લગન ?'

'આપણા એટલે મારાં.'

દોઢ–બે વરસ પછી એક વાર પાછા એ રસ્તામાં ભેટી ગયા. એમના હાથમાં નવી જ પેક કરેલી દૂધની બોટલ હતી. મેં પૂછયુંઃ કેમ કયાં જઈ આવ્યા ? આ શું ખરીદી લાવ્યા ?'

એ જરાક શરમાયા, પછી કહેઃ 'દૂધની બોટલ છે...'

'કેમ ?'

આપણી વાઇફને બાબો આવ્યો.'

ટેવની કટેવ વિશે હવે વધુ ટીકા–ટિપ્પણની જરૂર ખરી ?

# બોધ ગીતા

સંકલન

[ સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરીજીના વિવિધ ગ્રંથોની સંકલિત ક્યાર. સંપાદક. ]

## સાવધાન!

...અનંત જન્મોથી બહિરાત્મભાવ (સંસાર પ્રત્યેનો રાગ) જેને દૃઢ થયો છે એવા સાધકને માસ વા બે માસના અભ્યાસથી બહિરાત્મભાવનું (સંસારનો મોહ) વિસ્મરણ થઈ અંતરાત્મભાવ અખંડ જાગ્રત રહે એ બનવું અશક્ય છે. અનંત ભવના અભ્યાસ (સંસ્કાર) થી દૃઢ થઈ ગયેલા બહિરાત્મભાવના સંસ્કારો, આત્માની ભાવના ભાવતાં પણ; હૃદયમાં રહી રહીને સ્ફુરે છે. વ્યવહાર કાળમાં સાંસારિક કાર્ય કરતાં હૃદયમાં પડેલા વિષયના (મોજ શોખના) સંસ્કારો દુર્બળ થયા હોવા છતાં પણ, તે સાવ નિર્મૂળ નહિ થયેલા હોવાથી, ફરી ફરીને તેને અટકાવવાં છતાંય તે જોર કરે છે.

હું દુર્બળ છું, ગરીબ છું, મારું શું થશે? મારા પુત્રોનું શું થશે? અમુક પ્રકારે સાવધાન નહિ રહું તો અમુક મારું કાટલું કાઢી નાંખશે તો? આવા આવા અનેક વિચારો, સંયમ સાધવા તૈયાર બનેલા સાધકના અંતઃકરણમાં વિક્ષેપ કરવાને માટે લાગ જોઇને બેસી જ રહ્યા હોય છે. સાધક પોતાના સ્વરૂપમાંથી (ધ્યાનમાંથી) આડો જાય કે તુરત જ તે વિચારો સપોાસપ સાધકના અંતઃકરણમાં દાખલ થઇને સાધકને બાધક બનાવી દે છે.

શ્રી વીરપ્રભુના પુત્રો! આમ બનતું જોઇને તમે લેશ પણ ગભરાશો નહિ.

આમ બનવું એ, અનાદિ કાળથી અશુદ્ધ ભાવના જોરે થયા કરે છે. તમને જ આજે એવો અનુભવ થાય છે તેવું કંઈ નથી. દરેક સંયમ સાધનાર માનવને પ્રથમ આવો જ અનુભવ થાય છે. આથી તમારે નિરાશ કે આળસુ બનવાનું કંઈ કારણ નથી. તમો વીર પ્રભુના ઉદ્યમ પર ધ્યાન આપો. તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા સાડાબાર વરસ સુધી ધ્યાન ધર્યું હતું.

આંબો વાવ્યો કે તુરત કંઈ કેરી પાકવાની નથી. નિશાળમાં બેઠો એટલે તુરત કંઈ એમ. એ. ની પદવી મળી જતી નથી. સરોવર પણ ટીપે ટીપે જ ભરાય છે.

તમને નિશાળમાં પેન વડે એકડો કાઢતાં કેટલી મહેનત પડી હતી? તેને બદલે આજ તમે જ્ઞાનની કેટલી ઉચ્ચ ભુમિકા ઉપર છો? એ શું તમે ભૂલી ગયા?

માટે ધૈર્ય ધરો, અભ્યાસ કરો. અભ્યાસ અને વૈરાગ્ય વડે મનમાં ઉઠતા વિરોધોનો જય કરવા ઉદ્યોગી થવું જોઇએ. અભ્યાસ અને તેની પુષ્ટિ કરનાર વૈરાગ્ય વડે મન ઉપર વિજય મેળવવો તે જરાય મુશ્કેલ નથી.

શું તમારા હૃદયમાં ફરી પાછો સંસારનો રાગ જનમ્યો છે? હૈયામાં વિકારો પેદા થયા છે? ચિંતા અને ભય વડે તમે વ્યાકુળ બન્યા છો?

કંઈ ફરકત નહિ. પુનઃ સાવધાન બનો આંખો બંધ કરો, આત્મભાવના ભાવો.

તમે તો જાણો છો કે એકના એક જ વિચારોને ફરી ફરીને ઘોળવાથી તે વિચારના સંસ્કાર દૃઢ થાય છે. અને તે વિચારો જો ખરાબ હોય તો સારા વિચારને ફરી ફરીને ઘૂંટવાથી તે ખરાબ વિચારો દુર્બળ બનીને અંતે નિર્મળ બની જાય છે. આથી પરમાત્મ સુખની ઇચ્છાના વિચારોને પુનઃ પુનઃ મનમાં વિચારવા અને તેનાથી વિરોધી વિચારો આવે તો તેના તરફ ઉપેક્ષા કરી આપણો ઇચ્છિત અનુકૂળ વિચાર વિચારવો અને તેમાં વૃત્તિને જોડવી. મનથી તે ન જોડાય તો તે વિચારો મોટા અવાજેથી બોલવા. એકવાર, દશવાર, સોવાર, હજારવાર એ વિચારો બોલવા. નહિ તો સોહમ્ એટલે શરીરમાં રહેલો જ્ઞાન-દર્શન-અને ચારિત્ર ગુણમય આત્મા તે જ હું પરમાત્મા છું. હું તેના સિવાય બીજુ કંઈ જ નથી એમ સોહમ્ પદનો ઓમકાર પૂર્વક મુખથી જાપ કરવો. અને તેનો અર્થ વિચારતાં રહેવું. આથી ચિત્તવૃત્તિ બીજે જતી અટકશે.

તમારું મન વિચારના કૂદકા મારતું તમને લાગે તો સોહમનો મોટા સ્વરેથી જાપ ચલાવવો. મનડું કદી આમતેમ કૂદે તો છો કૂદે. તમારે તેના

સામું ન જોતાં જાપની મેલટ્રેન પુરપાટ છોડી મૂકવી.

વહાલા બંધુ! આવો આગ્રહ થોડા માસ જારી રાખશો તો પછી ચિત્તવૃત્તિના માથામાં ગજ ઘાલ્યા છે કે તે તમારે તાબે ન થાય?

**ભાઇ! સાધનોમાં દોષ નથી પરંતુ કહ્યા પ્રમાણે ઉદ્યોગ નહિ કરવામાં દોષ છે. સાધનો કે સુગુરુઓનો આજે દુકાળ નથી પરંતુ એવો ઉદ્યોગ કરનારાઓનો જ દુકાળ છે. નહિ તો, કરવાનું શું છે તે કોણ નથી જાણતું?**

બધાય થોડું થોડું તો સમજી શકે છે પણ દરેકને સો મણ રૂની તળાઇમાં સૂતાં સૂતાં ચઉદ રાજ લોકના અધિપતિ બનવું છે. પણ એ શી રીતે બની શકે? દશ કે વીશ દિવસ પ્રયત્ન કરતાં વિઘ્ન જણાયાં કે તુરત અભ્યાસ છોડી દો છો. અને વાતો કરતાં લાડવા બને તેમ ઇચ્છો તો તે કેમ બને? માટે ભાઈઓ! પ્રયત્ન કરો! પ્રયત્ન કરો!

સાવધાન થાઓ! તમારે તો પ્રયત્નને જ ચિંતામણીરત્ન જાણી–નકામી વાતો તથા આળસને ખંખેરી–રાત દિવસ પ્રયત્ન જ કર્યા કરવો. જેઓ પ્રયત્ન કરવાનો નિર્ણય કરે છે અને પ્રયત્ન કરે છે તેમને સાધ્ય સિદ્ધિ જરૂર મળે છે.

ભાઇ! વાતોનાં વડાં થવાના જ. તમારી નકામી આશાના રંગબેરંગી પરપોટા દેડકીના પેટની પેઠે ફાટી ગયા વિના રહેવાના નથી એ નક્કી માનજો.

આથી તમારે જે કાર્ય કરવાનું હોય તેનો અમલ કરો. જે કરવાનું હોય તે વર્તમાન કાળમાં જ કરો કારણકે વર્તમાન કાળનો પ્રયત્ન જ તમારા ગળામાં વિજયની વરમાળ પહેરાવશે.

[ 'આત્મશક્તિ પ્રકાશ' પા. ૧૬ થી ૨૦ ]

★

# જોગી અને જમાનો

નવા યુગનો આરંભકાલ ખરેખર નૂતન વિચારોથી થાય છે. દોડતાં જમાનામાં મનુષ્યોએ દોડવું જોઇએ.

જૂનું તે સારું અને નવું તે ખોટું એવી બુદ્ધિ રાખવી નહિ. તેમજ નવીન તે સારૂં અને જુનું તે જુઠું એમ માનવાની પણ ભૂલ કદી કરવી નહિ. જૂનામાંથી જે જે સારૂં લાગે તે તે લેવું અને અભ્યુદય માર્ગમાં એક સ્થિર દૃષ્ટિ ધારણ કરીને ચાલ્યા જવું જોઇએ.

જુના અને નવા વિચારો માટે પંથો ઊભા કરવાની જરૂર નથી. નવા અને જુના વિચારોની તુલના કરવી જોઇએ. અને જુના તથા નવા વિચારોને સાંકળનાં આંકડાઓની પેઠે ગોઠવીને ઉન્નતિ ક્રમમાં પગલું ભરવું જોઇએ. સર્વ બાબતોના વિચારોને અપેક્ષારૂપ

આંકડાઓથી ગોઠવીને તે બધાની એક વિચાર સાંકળ બનાવવી જોઇએ.

આ જમાનો આગળ વધવાનો છે. પણ હાથ પગ બાંધી બેસી રહેવાનો નથી. જે બેસી રહે છે તેનું નસીબ પણ બેસી રહે છે. અને જે ચાલે છે તેનું નસીબ પણ ચાલે છે. અને જે ઊભો થાય છે તેનું નસીબ પણ ઊભું થાય છે.

જુના અને નવા વિચારોના મતભેદની સહનશીલતા ધારણ કરીને બધા માણસોએ મળતા આવતા સામાન્ય વિચારોમાં ભેગા થઇને કામો કરવાં જોઈએ. જૂસો પાડવાથી આગળ પ્રગતિ થઈ શકવાની નથી. પરંતુ કામ કરવાથી જ આગળ જઈ શકાશે.

**જૈનો જો જમાનાની પાછળ પાછળ ચાલશે તો તેઓ આગળ વધેલાના ગુલામ જેવા ગણાશે. જૈન સાધુઓને પણ બીજા ધર્મોપદેશકોની અને જમાનાની પાછળ પાછળ ન ઘસડાવું જોઇએ. પરંતુ તેઓએ જમાનાની આગળ જ ચાલવું જોઇએ.**

જમાનાની આગળ ચાલનારને વર્તમાન કાળમાં જૂના લોકો નિંદશે, ગાળો દેશે તોપણ અંતે તો તેઓ ભવિષ્યના લોકો માટે પૂજ્ય જ બની રહેશે.

જુના અને નવીન વિચારોની કેટલીક બાબતોમાં સંમિશ્રતા કરીને કામો કરવાની જરૂર છે. હાલ જ્ઞાનનો જમાનો છે. તેમજ શોધખોળનો જમાનો છે. સંકુચિત દૃષ્ટિ ધારકો જો જમાનાને ઓળખશે નહિ અને જમાનાને અનુસરી પ્રવૃત્તિ માર્ગમાં ગમન નહિ કરે તો તેઓ બધાથી પાછળ પડી જશે. આથી વિવેકથી અધિક લાભ વિચારીને દરેકે જમાનાને અનુસરીને ચાલવું જ જોઈએ.

**[ તા. ૧૨-૪-૧૯૧૨ ની હસ્ત લિખિત ડાયરીમાંથી ]**

## બચાવો ! ઘર બળે છે !

......ત્યાગી અને ગૃહસ્થ જૈનોમાં જૈન સંઘની ધાર્મિક અસ્તવ્યસ્ત દશાથી જૈનો લાખો અને કરોડો રૂપિયા કેળવણી વગેરે ખાતામાં વાપરે છે. પરંતુ તેનું જોઇએ તેવું પરિણામ આવતું નથી.

જૈનો કેળવણી પાછળ લાખો કરોડો રૂપિયા ખર્ચે છે, સાધર્મિક વાત્સલ્યના નામે નવકારશી વગેરેમાં વરસો વરસ લાખો રૂપિયાનું ખર્ચ થાય છે.

જૈનોની ધાર્મિક પાઠશાળાઓ અને બોર્ડીંગોનું એક સરખું બંધારણ જોવામાં આવતું નથી. પાઠશાળાઓ અને બોર્ડીંગોના બંધારણના અભાવે ઉપયોગી એવી બોર્ડીંગો ને પાઠશાળાઓનો નાશ થાય છે. અને અનુપયોગી બોર્ડીંગો અને પાઠશાળાઓ અવ્યવસ્થિતપણે ચલાવવાથી ખર્ચ પ્રમાણે લાભ મેળવી શકાતો નથી.

સર્વમાન્ય સાધુ ગુરૂકુલ અને ચતુર્વિધ સંઘ માન્ય સાધ્વી ગુરૂકુળના

અભાવે સાધુઓ તથા સાધ્વીઓને અભ્યાસ કરવામાં અનેક મુશ્કેલીઓ નડે છે અને અભ્યાસ પણ પરિપૂર્ણ થઈ શકતો નથી. ભિન્ન ભિન્ન સંઘાડાઓમાં ભિન્ન ભિન્ન સાધુઓ પાસે અનેક શાસ્ત્રીઓ રાખવાં પડે છે અને તેથી પરિણામ એ આવે છે કે વિહારમાં સાધુઓને જોઈએ તે પ્રમાણમાં અભ્યાસ થઈ શકતો નથી. અને ચોમાસામાં ચાર માસમાં કરેલો અભ્યાસ પાછળથી વિહારમાં વિસ્મરણ જેવો થઇ જાય છે. સર્વ સંઘાડાઓનો પરસ્પર સંપ થયા વિના એક બીજાની પાસે જે જે વિષયોનો સાધુઓને અભ્યાસ કરાવવો હોય તે પણ કરાવી શકાતો નથી.

પહેલાં એક ગચ્છના સાધુઓ અન્ય ગચ્છના અમુક વિદ્વાન સાધુઓ પાસે અમુક વિદ્યાનું અધ્યયન કરવા માટે જતાં હતાં અને તે સંબંધી ગચ્છોની ઉદાર દૃષ્ટિવાળા બંધારણો હતાં. તેવી સમ્યગ્ સ્થિતિ હાલમાં જણાતી નથી. તેનું કારણ એ છે કે પરસ્પર ગચ્છ-સંઘાડાનાં આચાર્યોને જૈનોન્નતિ સંબંધી સુલેહ સંપ કરારોનાં જેવાં બંધારણો હોવાં જોઇએ તેવા હાલ નથી.

સાધુઓ–સાધ્વીઓ–શ્રાવકો અને શ્રાવિકાઓનો ચતુર્વિધ સંઘ ભેગો મળીને ગચ્છનાં બંધારણો સુધારીને આચાર્યોમાં પરસ્પર સંપ કરાવીને તેમની આજ્ઞા નીચે સાધુઓ અને સાધ્વીઓ રહીને જૈનોન્નતિનાં કાર્યો કરે તો જૈન સંઘની જરૂરથી ઉન્નતિ થાય.

આ જમાનો જાણી જોઈને બેસી રહેવાનો નથી. પરંતુ જાગ્યા બાદ પોત પોતાની ફરજો અદા કરવાનો છે. જૈનોની પડતી એકદમ અટકાવવા માટે સામાન્ય ગચ્છ સંઘ અને ચતુર્વિધ સંઘ, સર્વ ગચ્છના સમુદાયનો બનેલો મહા સંઘ–એ સૌએ મળીને જૈનધર્મની પ્રગતિ થાય એવા સાહિત્યને પ્રકાશ કરવાની જરૂર છે.

**બળતા ઘરને બચાવવા જેટલો ઝડપી પ્રયત્ન કરવામાં આવે તેટલું તે બચી જાય છે, તે પ્રમાણે ચતુર્વિધ સંઘે જાગૃત થઈને જૈન કોમની ઉન્નતિ કરવા પરસ્પર એક બીજા અંગને સહાય આપવા અને તે માટે કરોડો ઉપાયો કરીને આગળ વધવામાં એક ક્ષણ માત્રનો પણ પ્રમાદ કરવો ન જોઈએ.**

"સર્વ જૈન કોમનાં શ્રેયમાં મારૂં શ્રેય છે" એવું ક્ષણે ક્ષણે સ્મરણ કરીને સંઘની ઉન્નતિના કાર્યો કરવામાં આત્મભોગ પૂર્વક અપ્રમત્ત બનવું જોઇએ.

જે મનુષ્ય સંઘરૂપ પચ્ચીસમાં તીર્થંકરની વિનય અને બહુમાનથી સેવા કરે છે તે તીર્થંકર નામ કર્મને બાંધે છે અને તે પરમાત્મપદને અંતે પામે છે. ટૂંકમાં, ચતુર્વિધ સંઘની ઉન્નતિ માટે આચાર્યાદિનાં બંધારણો સુધારવાં જોઈએ.

**[શ્રી સંઘ પ્રગતિ મહામંત્ર' પાના ૩૧-૩૨]**

# 'બુદ્ધિપ્રભા'નું લવાજમ અહીં ભરો

શ્રી મેઘરાજ પુસ્તક ભંડાર
ગોડીજી ચાલ,
**મુંબઈ ૨.**

શ્રી જયકુમાર શાંતિલાલ દંતારા
૧૨/૧૬, ત્રીજો ભોયવાડો,
**મુંબાઈ ૨.**

શ્રી બાપુલાલ પોપટલાલ
૮૯, ત્રાંબાકાંટા,
**મુંબઈ ૩.**

શ્રી શાંતિલાલ જગાભાઈ
C/o શાંતિચંદ્ર સેવા સમાજ,
હાજા પટેલની પોળ,
**અમદાવાદ.**

શ્રી અરવિંદકુમાર ચીમનલાલ
૧૫૨૩/૪ નાની વાસણ શેરી,
પંચશીલ હાઈસ્કુલ સામે,
સરસપુર, **અમદાવાદ.**

શ્રી નાગરદાસ અમથાલાલ મહુડીવાળા
જૈન સોસાયટી,
એલીસબ્રીજ, **અમદાવાદ.**

શ્રી શાંતિલાલ મોતીલાલ
C/o માધંમ વીર મંડળ,
૧૨૨૪, બ્રહ્મપુરી પોળ,
રાજા મહેતાની પોળ,
**અમદાવાદ.**

શ્રી ચંદુલાલ એમ. પરીખ
ગુસા પારેખની પોળ,
દેરાસર પાસે, **અમદાવાદ.**

બુદ્ધિપ્રભા

શ્રી કાંતિલાલ રાયચંદ મહેતા
બજારમાં,
**સાણંદ.**

શ્રીમદ્ બુદ્ધિસાગરજી જ્ઞાન મંદિર
બજાર, **વિજાપુર** (ઉ-ગુ.)

શ્રી હરજીવનદાસ હુકમીચંદ
(સંગીતકાર)
તા. પાલનપુર મુ. **વડગામ**

શ્રી ચીમનલાલ ઉનાવાવાળા
C/o મહુડી શ્વે. જૈન કારખાના,
**મહુડી**
(તા. વીજાપુર ઉ-ગુ.)

શ્રી અમૃતલાલ વાડીલાલ
જીરાળાપાડો,
**ખંભાત.**

શ્રી સુરેશચંદ્ર
C/o શ્રી કનૈયાલાલ ચીનુભાઈની કું.
બારદાનના વેપારી
ચાવડી બજાર, **પેટલાદ.**

શ્રી કનુભાઈ ઈન્દુલાલ
C/o શ્રી નગીનદાસ છોટાલાલ
મહાત્મા ગાંધીરોડ, **વડોદરા.**

'બુદ્ધિપ્રભા' કાર્યાલય,
C/o ધનેશ એન્ડ કું.,
૧૯/૨૧, પીકેટ ક્રોસલેન.
સ્મોલકોઝ કોર્ટ પાસે, **મુંબઈ ૨.**

# ગીત મંજૂષા

⊙

સ્વ. કલાપીએ પોતાના અંતરનાં આંસુ, હૈયાની વેદના, દિલમાં ભડકે બળતા ઉકળાટ વગેરેને "મંદાક્રાન્તા" છંદમાં વણીને; કંઇક જણાની આંખો ભીની બનાવી છે. એમની એ છંદ રચના વાંચીને, ઘણા વાંચકોએ તેમના જેવી સમ સંવેદના અનુભવી છે.

અને આ 'મંદાક્રાન્તા' છંદ પણ એક એવો છંદ છે કે કવિનું હૈયું તો એમાં જાણે ઠલવાય છે પરંતુ વાચકને એ વાંચતા જાણે પોતાનું હૈયું તેમાં ઠલવાતું લાગે છે.

સ્વ. કવિ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજના હૈયે પણ કંઇક વેદના હતી. એમના અંતરે પણ કશીક વ્યથા ઘોળાતી હતી. દિલના દર્દથી તેમનું દિલ પણ નીચોવાતું હતું.

પરંતુ સામાન્ય માનવીનાં દુઃખ-દર્દ, આંસુ આહ અને તેમનાં દર્દને આંસુમાં ઘણો મોટો ફરક હતોઃ એમના ભિતરે સમાજના દર્દની વ્યથા હતી. સમાજના આંસુ એમના હૈયાને વલોવી નાંખતાં હતાં. જૈનોએ તેમનું પૂર્વનું ખમીર ગૂમાવ્યું હતું તેથી તેમનું હૈયું સંતપ્ત હતું.

આથી જાણે સમાજની સંવેદનાથી પીડાતા, તેઓ સંવત ૧૯૬૮ ના ફાગણ સુદી પૂનમના રોજ પાદરામાં ગાતા ન હોય તેમ તે ગાય છે......

જૈનોએ તો પ્રગતિ કરવી,
　　બુલંદું કાર્ય એ છે;
શ્રદ્ધા ધારી પ્રતિદિન ખરી,
　　નીતિના માર્ગ લેવો...

છે સંસારે અધિ વિમલતા,
　　નીતિ પંથે વિચરતાં;
છે નીતિથી અધિ વિમલતા,
　　ભક્તિ પંથે વિચરતાં...

ધારો નક્કી હૃદય ઘરમાં,
　　નીતિથી ભક્તિ સાચી;
રંગો નક્કી હૃદય પટને,
　　પ્રેમ ભક્તિ વિચારે...

સાચા ભાવે જિનવર પ્રભુ,
　　જે ધરે દિલ માંહી;
તેનો નક્કી ઉદય પ્રગટે,
　　નીતિ ભક્તિ થકી તો...

રાગ
(મંદાક્રાન્તા)

ઉદ્યોગી થૈ સતત કરવાં,
　　સર્વ સત્કાર્ય પ્રેમે;
શૂરા થૈને સકલ સહવું.
　　સર્વ સત્કાર્ય પ્રેમે...

ઊંચી દૃષ્ટિ પ્રગતિ પંથમાં,
　　ભાવ ગંભીર રાખો;
ધૈર્યે ચાલો ઉદય કિરણો,
　　પાસમાં શીઘ્ર આવે..

વાણી કાયા વશ કરી સદા,
　　ગાજશે સત્ય વ્યોમે;
ઉત્સાહી થૈ સતત વહવું,
　　શુદ્ધ આનંદ લેવા...

'બુદ્ધયબ્ધિ'ની પ્રગતિ જ થશે,
　　આત્માના સદ્‌ગુણોથી.

જો કે ઉપરની પંક્તિઓમાં આગળ કહેવાયું છે તેમ તેમાં સમાજની વેદના, દર્દ કે આંસુ આમાં નથી જણાતાં પરંતુ ગુરૂદેવે એ બધાંને પડદા પાછળ રાખીને સમાજે હવે શું કરવું જોઈએ કે જેથી તેના જે દુઃખ-દર્દ છે તે દૂર થાય તેનો જ નિર્દેશ કર્યો છે.

વેદનાનું માધ્યમ જે કવિતા છે, જે છંદ છે તેનો સહારો ગુરુદેવે જરૂર લીધો છે, પરંતુ ગુરુદેવ અધ્યાત્મ પંથના અલગારી હતા. તેથી તેમને વેદનાથી માત્ર રડવાનું ગમતું નથી. માટે જ તો એ ફરી ફરીને કહે છે.

શૂરા જૈનો અનુભવ કરો,
હાલ કેવા બન્યાં છો;
શ્રદ્ધા, ભક્તિ, વિનય તજીને,
દુર્ગતિ માર્ગ ખોળો.

જાગી જોશો પરિચય કરી,
શક્તિહીના બનો કાં?.
થાશો ધર્મી શુભ ગુણ ધરી,
ઉચ્ચ માર્ગે ચલાશે;

સદ્ ગુણોથી પતિત થઇને,
માતને ના લજાવો;
પૂર્વાચાર્યો કથન કરતાં,
નીતિથી ધર્મ પામો.

ધાવી પ્રેમે જનની સ્તનને,
દુગ્ધનું નુર રાખો.
માર્ગે ચાલી ઝટપટ હવે,
વાર તો ના લગાડો;

જે જૈનો થૈ ગુણ નહિ ધરે,
જૈનનું નામ ખોળો.
'બુદ્ધ્યબ્ધિ' એ અનુભવ કરી,
જાગીને સૌને જગાડો.

[ રચના કાળઃ સં. ૧૯૬૮ ફાગણ વદ અમાસ, પાદરા. ]

ગુરુદેવે અર્ધી સદી પહેલાં કરેલો આ અનુરોધઃ—

**“ હે જૈનો! તમે માના ધાવણની લાજ રાખો, જરાય વિલંબ કર્યા વિના હવે તમે અને જગાડો. ”**

શું આજે પણ એવો ને એવો જ આપણને લાગુ નથી પડતો?

શું આપણે એ ધાવણની લાજ રાખી રહ્યાં છીએ? આપણે જાગ્યા છીએ ખરાં?

★

# ફૂલ કે અંગારે

જયકુમાર શાહ

આ
માસની
આ
ગ
મ
કથા

[ સાહિત્યની હરણફાળ દુનિયામાં શ્રી જયકુમાર શાહની આ કથા એ પહેલી પગલી છે તેઓશ્રી મહત્વકાંક્ષાથી થનગનતા એક નવયુવાન કાર્યકર છે. પોતાના મકાનમાં, યુવક પ્રવૃત્તિઓના તે સૂત્રધાર છે ભીંત-પત્રો તેમજ 'મંઝીલ' નામના એક સાહિત્યીક પત્ર ચલાવવાનો તેઓ અખતરો કરી ચૂકયા છે.

મારા તેઓ પરમ મિત્ર છે. મેં તેમને આપણી આગમ કથાઓને નવી શૈલીમાં લખવાની વિનંતી કરી અને તેમણે એ સહર્ષ વધાવી પણ લીધી. જેનું આ પ્રથમ પુષ્પ છે.

દર માસે તેઓ આપણને એક આગમ કથા આપશે

આ કથા 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના આધારે નવ સંસ્કરણ કરવામાં આવી છે.

—સંપાદક ]

કુરદત્ત એક મદમસ્ત યુવાન હતો. હસ્તીનાગપુરના રાજાનો એ લાડકો પુત્ર હતો. એ રાજકુંવર હતો. ગજવી સંસ્કારની એના તનબદનમાં ખુમારી હતી. પરંતુ રાજાના સ્વભાવ સાથે સંકળાયેલી ખુવારીથી એ દૂર હતો. સંસ્કાર અને ચારિત્રથી એ સુદૃઢ હતો. એણે એનાં પૂર્વજોનો ઇતિહાસ સાંભળ્યો હતો. ઇતિહાસ તો વીરત્વથી ભરપૂર હતો. પરતુ એ નાગી ને તાતી તલવારો, એ બરછટ ને બેફામ ભાલાઓ, લોહીથી ખરડાયેલી એ નગરીઓ, કદી મોતને ડારતી, તો કદી મોતની ડરાવતી એ ભયાનક ચીસો વગેરેથી ભરપૂર એ ઇતિહાસની વાતોમાં તેને શૂરાતન નહોતું દેખાતું. માનવીની જંગાલિયતના તેને તેમાં ભણકારા સંભળાતા હતા.

એ પાપભીરૂ હતો. હાડકાનાં સંવે-

દના કરતાં એ આત્માની અનુભૂતિનો રાગી હતો. આથી જ તો એ શ્રમણ ભગવંતોનો ઉપાસક હતો.

રોજ ને રોજ એક ખડક પર, ધીમી પાણીની ધાર પડે છે તો એક દિવસ પથ્થર જેવો પથ્થર પણ નરમ પડી જાય છે. જ્યારે કુરૂદત્ત તો મીણના હૈયાવાળો હતો. સદ્ગુરુની વૈરાગ્યથી નિર્ઝરતી વાણીમાં એનું મીણ હૈયું ઓગળી ગયું.

એણે સંસાર છોડવાનો નિર્ણય કર્યો. માત પિતાની આજ્ઞા માંગી. અને એક દિવસે કુરૂદત્ત રાજપાટ છોડીને શ્રમણ બની ગયો.

પોતાના ગુરૂ પાસે એ હવે શસ્ત્રો મૂકીને શાસ્ત્રો ભણવા લાગ્યો. સમયના વહેવા સાથે એ એક શાસ્ત્ર વિશારદ મહાપંડિત બની ગયો. સાધુ જીવનની ઉત્કટ સાધનાથી એનું જીવન ખડતલ બની ગયું.

પરંતુ કુરૂદત્તને શાસ્ત્રોના અભ્યાસથી સંતોષ ન હતો. એને તો મોક્ષ મેળવવો હતો. આત્મામાંથી પરમાત્મા બનવું હતું. અને એ જાણતો હતો એ મેળવવા માટે ઉગ્ર સાધના જરૂરી છે.

એક દિવસ ગુરૂને વંદના કરી એણે કહ્યું:–"ગુરૂદેવ! આ વખતે મારે એકલા વિહાર કરવો છે? આપ મને અનુજ્ઞા આપો."

ગુરૂ ઘડી શિષ્યને જોઈ રહ્યા. પરંતુ ગુરૂને શિષ્યમાં વિશ્વાસ હતો. શિષ્યની સાધના તેમણે નજરોનજર જોઈ હતી. તેમને વિશ્વાસ હતો આ શિષ્ય આત્માનો ભિક્ષુ છે. શરીરના કષ્ટોને, તે કષ્ટ નથી સમજતો. આથી એ જરૂર, સિદ્ધિને પોતાની પાસે ખેંચી લાવશે.

ગુરુની આજ્ઞા મળતાં જ શ્રમણ કૂરુદત્ત એકલા વિહાર કરવા લાગ્યા.

વિહાર કરતાં કરતાં એ એક બાગ આગળ આવ્યા. પ્રકૃતિ અહીં નિજાનંદ મસ્તીમાં મશગૂલ હતી. ઘટાટોપ ઝાડોની છાયામાં માનવીને અંતરની ખોજ કરાવે તેવું વાતાવરણ હતું. નવ શ્રમણને આ સ્થાન ગમી ગયું. તે અહીં ધ્યાનમાં બેસી ગયાં. અને આત્માનું ચિંતવન કરવા લાગ્યા.

દુનિયાની દુન્યવી લીલા એ ભૂલી ગયાં પરમાત્માનાં જ ધ્યાનમાં એવા લીન બની ગયાં કે પોતાની આજુબાજુ શું થઈ રહ્યું છે તેનું પણ લેશમાત્ર ભાન ન રહ્યું.

ખરેખર, એકચિત્ત ને એકધૂન જ માનવીને સિદ્ધિ અપાવવામાં મદદગાર બને છે.

એ સમય દરમ્યાન ત્યાંથી કેટલાક ચૌર, ગાયો લઇને નીકળ્યા. ચોરી કરી હતી એટલે એ ઉતાવળમાં હતાં. તેની જ પાછળ તેનો માલીક દોડતો દોડતો આવ્યો. તે ચોરને શોધી રહ્યો હતો.

જ્યાં આ કુરદત્ત ધ્યાનમાં હતાં ત્યાંથી થોડે દૂર બે રસ્તા ફંટતા હતાં. માલિક ત્યાં આવીને અટકી ગયો. કયા રસ્તે જવું તેના વિચારમાં એ પડી ગયો.

ત્યાં તેની નજર આ ભગવંત પર પડી. ત્યાં જઈ તેણે પૂછ્યું, " હે સાધુ ! અહીંથી થોડો સમય પહેલાં પસાર થયેલા ચોરો કયા રસ્તે ગયા ?

કુરદત્તે સાંભળ્યું તો ખરું, પરંતુ જો એ સાચુ કહે તો આ માલિક પેલા ચોરને મારી નાખે તેમ ભય હતો. આથી તેમાં અનુમોદિત હિંસા થતી હતી. જો બીજો રસ્તો બતાવે તો જુઠું બોલવા જેવું થતું હતું. આથી એ મૌન જ રહ્યા.

પેલા માલિકે બે ચાર વખત પૂછ્યું. પણ એ તો ધ્યાનમાં જ લીન રહ્યા. માલિકને આથી ગુસ્સો ચડયો. અને તે બોલ્યો. "લાવ, તેના માથા પર અંગાર મૂકું એટલે એ જવાબ આપશે. "

સાધુએ આ શબ્દો સાંભળ્યા. પરંતુ તે ધ્યાનથી જરાય ડગ્યા નહિ તેમજ ત્યાંથી નાશી છુટવાનો વિચાર પણ તેમણે કર્યો નહિ.

અને આવા વિચારોથી તે ડરે તો પછી તે એકચિત્ત શાનુ ? એ ધ્યાન શેનુ ? અને આત્માની શોધ કરનાર જો નાશી છૂટે તો એ સાધુ શાનો ?

આવા વિચારોથી તે મનને વધારે મજબૂત કરીને આત્માનું ધ્યાન જોર જોરથી ધરવા લાગ્યા.

માલિકે તો ગુસ્સામાં ને ગુસ્સામાં ક્યાંકથી માટી ને પાણી લાવી તેમના માથા પર એક નાની પાળ બાંધી દીધી. લાકડાના ઘર્ષણથી અગ્નિ પ્રગટાવી, લાકડાના અંગારા બનાવ્યા અને સાધુના માથે મૂકી દીધા.

પવનના ધીમા ઝપાટામાં અંગારા ધગધગ સળગવા લાગ્યા. માટી લાલચોળ થવા લાગી. છતાંય કુરદત્ત તો સ્થિર જ રહ્યાં.

એ તો ઉલ્ટું વિચારવા લાગ્યા કે

પોતાના આત્માને જ ઉદ્દેશીને મનમાં બોલવા લાગ્યા.

'હે આતમ ! આ તો દેહને કષ્ટ દેવાય છે; તને નહિ. આ જે બળે છે તે તો હાડકાં બળે છે; તું નહિ.

આ દેહ તો બાહ્ય પદાર્થ છે. જે સળગી રહ્યું છે એ તો જડ પુદ્ગલ છે.

અને તું એ કેમ ભૂલે છે ? તારા વિના આ દેહની કોઈ જ કિંમત નથી. આ જે ભડકે છે, તે તો તારો નશ્વર દેહ ભડકે બળે છે; તું નહિ, તો ભલે આ પાપી દેહ બળીને ભસ્મ થઈ જાય. મારે તો તું એક હશે તો બસ છે..."

માથા પર અંગાર સળગતાં હતાં. પરંતુ હૈયે તો ફુલ મ્હેકતા હતા. આત્માની સુવાસથી દેહ એવો તો મઘમઘી રહ્યો હતો કે અંગારાની રાખ, ફુલની સુવાસ બનીને પથરાઈ ગઈ.

કુરદત્ત આ ઉપસર્ગમાં એવા તો પાર ઉતર્યા કે તેમને કેવળજ્ઞાન થયું. જગત આખાની લીલા તેમને હથેલીમાં દેખાવા લાગી.

પરંતુ થોડી જ વારમાં એ જ્ઞાન-દીપ બુઝાઈ ગયો. કુરદત્ત, જેની શોધમાં હતાં, જેના ધ્યાનમાં એમણે અંગારાને ફુલ માની વધાવ્યા હતા, તે મોક્ષે સીધાવી ગયા.

'બુદ્ધિપ્રભા' ને લગતો તમામ પત્ર વ્યવહાર
આ સરનામે કરો—
'બુદ્ધિપ્રભા'
C/o ધનેશ એન્ડ કાં.,
૧૯ / ૨૧, પીકેટ ક્રોસ લેન, સ્મોલ કોઝ કોર્ટ પાસે, મુંબઇ ૨.
લેખકોને પુરસ્કાર આપવામાં આવે છે.

कुछ अैसे संयोगके कारन्, इस अंकमे, मैं कर्मयोगका हिंदी भावानुवाद दे नहि शका हूं, इसलिये मैं अपने वाचकगणकी क्षमा चाहता हूं ।

फिरभी वैसे ही उनके (गुरुदेवके) दूसरे ग्रंथ "शिष्योपनिषद्"की कुछ झांकिया, इस अंकमें आपको दिखला रहा हूं ।

वैदकी संस्कृतिमें उपनिषदोंका महत्व बडा भारी रहा है । संक्षिप्त वाक्योमें जीवनका सार कह देनेमें उपनिषद् हमें सदा भायेगा । उसी उपनिषदोंकी शैलीका अवलंबन लेके गुरुदेवने भी तीन तीन उपनिषद लिखे हैं । "जैनोपनिषद्," जैनदृष्टिकोनसे लिखा गया "इसावास्योपनिषद्" और शिष्य कैसा होना चाहिये उत्तम और उदार शिष्य कौन और कैसे हो शकता है, इन सबकी सरल और सचोट भाषा और शैलीमें ब्छान बान करता हुआ 'शिष्योपनिषद्' भी लिखा है ।

यह ग्रंथ उत्तर गुजरातके पेथापुर गाँवमें विक्रमकी १८७३की संवतमें श्रावण सुदी तृतीयाके शुभ शनीश्वरके दिन पूरा किया गया था । इस पूराने ग्रंथकी नवीन आवृत्तिका प्रकाशन कार्य आज चालू हैं । शायद वैशाखी मोसमके इर्दगीर्द आप यह ग्रंथकी नवीन आवृत्ति पढ़नेके लिये पा भी शकेंगे ।

इस ग्रंथकी प्रस्तावनामें आपका और वख्त जायद न करके, वह ही ग्रंथकी ही कुछ झलक क्यों न आपको करा दूं ? तो देखिये सामनेका पत्ता और पढ़िये । —संपादक ।

शिष्यो

## दोषदृष्टिरहितः ।

...जब तक दूसरोंके दोष ही देखनेमें मन प्रवृत्त रहता है और उनके सद्गुण देखे नहि जाते तब तक शिष्य होनेकी योग्यता प्राप्त नहि होती ।...

## अहम् ममतादि दोष परिहरण शीलः ।

...गुरुके सदुपदेशसे जो अहम् और ममताका त्याग करनेमें अपनी शक्ति लगाता है वह शिष्य बन शकता है। इन दुर्गुणोंका आदी इन्सान कभी प्रति-पक्षी बनकर गुरुकी ही खाक उडेलनेमें प्रवृत्त हो शकता है । इसलिये अहम् और ममता व. दोषोंसे दूर रहेवाला इन्सानमें ही शिष्य बननेकी योग्यता होती है ।...

## परिषहजयी ।

...वर्तमानकालमें जो अनेक वाद विखवाद दिखलाई पडता है उनका प्रमुख कारन् तो यही है की जो शिष्य साधु है उन्होंमें कष्टोंको सहन करनेकी ताकत नहि है । यदी यह गुण उन्होंमें होता तो वे कभी भी अपने शिष्यधर्मसे भ्रष्ट नहि बनते हांलाकि वे अपना और दूसरोंका भी कल्याण कर शकते ।...

## गुर्वाज्ञा विधिपूर्वक-दीक्षा ग्राहकश्च शिक्षा योग्यः।

...गुरुके वचनोंको जो मानता नहि है बल्कि उन्हींके ही दोष देखते है और दूसरोंके आगे अपने गुरुकी दीयी हुआी आज्ञाओंको मिथ्या कहते है, वह शिष्यपदके लिये योग्य नहि है ।...और जो गुरुकी हितशीक्षाओंको मजाक समज कर उपेक्षा करता है वह भी शिष्य बनके लिये काबिल नहि है ।

पनिषद्

# આ માસની બોલતી તારીખો.

| | | |
|---|---|---|
| તા. ૧૫ ફેબ્રુઆરી (ફા. સુ. ૨) | ભ૦ અરનાથ સ્વામીનું | ચ્યવન કલ્યાણક |
| તા. ૧૭ ફેબ્રુઆરી (ફા. સુ. ૪) | ભ૦ મલ્લીનાથ સ્વામીનું | ,, ,, |
| તા. ૨૦ ફેબ્રુઆરી (ફા. સુ. ૮) | ભ૦ સંભવનાથ સ્વામીનું | ,, ,, |
| તા. ૨૪ ફેબ્રુઆરી (ફા. સુ. ૧૨) | ભ૦ મલ્લીનાથ સ્વામીનું | નિર્વાણ કલ્યાણક |
| ,, | ભ૦ મુનિસુવ્રત સ્વામીનું | દીક્ષા ,, |
| તા. ૨ માર્ચ (ફા. વદ ૪) | ભ૦ પાર્શ્વનાથ સ્વામીનું | ચ્યવન કલ્યાણક |
| ,, | ,, | કેવળજ્ઞાન ,, |
| તા. ૩ માર્ચ (ફા. વદ ૫) | ભ૦ ચંદ્રપ્રભુ સ્વામીનું | ચ્યવન કલ્યાણક |
| તા. ૬ માર્ચ (ફા. વદ ૮) | ભ૦ આદિનાથ પ્રભુનું | જન્મ કલ્યાણક |
| ,, | ,, | દીક્ષા ,, |


અહિંસા એ માનવમાત્રનો મહામંત્ર છે. તેના વ્યવસ્થિત પ્રચાર વિના સમાજનો અભ્યુદય થઈ શકે નહીં. તેમાંએ જેઓ વિષમ સંયોગોના પરિણામે ધર્મભૂલ્યા છે, તેમને તો અહિંસાનો મહામંત્ર અવશ્ય સંભળાવવો જોઈએ.

આ કાર્ય માત્ર શબ્દોના સ્વસ્તિક પૂરવાથી થતું નથી. તે માટે એકનિષ્ઠ બની, અખંડ—અવિરત પ્રયત્ન કરવાની જરૂર છે.

## ગુજરાતનું ગૌરવશાળી જૈન મિશન.

### પરમાર ક્ષત્રિય જૈનધર્મ પ્રચારક સભા.

જે બોડેલી અને તેની આસપાસના પ્રદેશમાં અહિંસા ધર્મનો વ્યવસ્થિત પ્રચાર કરી રહ્યું છે. અને તેનું પરિણામ ઉત્તરોત્તર સુંદર આવતું રહ્યું છે. છેલ્લાં પંદર વર્ષથી કાર્ય કરી રહેલ આ સંસ્થાનો પરિચય મેળવો અને સહકાર આપો.

જો આપણે એમ ઇચ્છતા હોઇએ કે અહિંસા ધર્મનો પ્રચાર વધે અને બીજા હજારો ભાઇઓ તેના ઝંડા નીચે આવી પોતાનું કલ્યાણ સાધે. તો આ સંસ્થાને છુટા હાથે પૈસાની મદદ કરવી ઘટે છે.

બોડેલી અને તેની આસપાસના દેરાસરોની **પંચતીર્થી**ના દર્શન કરવા પધારો. અને આ કાર્ય ક્ષેત્રનું નિરિક્ષણ કરો.

| મદદ મોકલવાનું ઠેકાણું : | કાર્યાલય : | માનદ્ મંત્રીઓ : |
|---|---|---|
| **શેઠ વાડીલાલ રાઘવજી** | ૪૫૭, સરદાર વી. પી. રોડ, | જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ |
| ૬૧, તાંબા કાંટા, | ૨ જે માળે, | ઇશ્વરલાલ કસ્તુરચંદ |
| મુંબઇ ૩. | મુંબઇ ૪. | સાળવી |

# શાસન સમાચાર



**મારું શું માનું ? મારું ના કશું આ જગે,**
**તારું જ દીધેલું પ્રભુ ! ધરું તારા જ ચરણે.**

ઘાટકોપરમાં બંધાનાર નૂતન જિનાલયના મૂળનાયક શ્રી મુનિસુવ્રત સ્વામીની અંજનશલાકા અને પ્રતિષ્ઠા માટે રૂા. ૧,૧૧,૧૧૧ ની ઉછામણીનો આદેશ મળ્યા પછી શેઠ શ્રી સવાઈલાલ કેશવલાલ જે. પી. પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ ધર્મસૂરીશ્વરજી મ. સા. ના વરદ્ હસ્તે વાસક્ષેપ લઈ રહ્યા છે.

કલકત્તા શહેરને આપણે ભારતનું લંડન તેમજ ન્યુયોર્ક કહીએ તો તેમાં અતિશયોક્તિ નહિ ગણાય. આ શહેરમાં, તે જ શહેરની વસ્તી કેટલી અને દૂર દૂરના દેશોમાંથી આવીને, કલકત્તાને પોતાનું વતન બનાવીને રહેનારી વસ્તી કેટલી એની મોજણી કરવી એ લગભગ આજ અશકય જેવું બની ગયું છે.

ભારતના દૂર દૂરના ગામડાઓમાંથી પોતાના ભાગ્યને અજમાવવા કંઈક ગુજરાતીઓ આ શહેરમાં આવીને વસ્યાં છે.

સૌરાષ્ટ્રમાં આવેલું પ્રાચીન ઘોઘા બંદર આજ તો એ ભવ્ય ઇતિહાસનું માત્ર ખંડેર જ રહ્યું છે. એ બંદર તૂટતાં કંઈક જણાએ ત્યાંથી ગામાંતર કરી પરદેશ વેઠયો છે.

શેઠ પરમાનંદ રતનજી તેમજ શેઠ કેશવલાલ રતનજી આ બે ભાઈઓએ પણ એ આસમાની સુલતાની આફત સામે પોતાનું જીવન નાવ ઝુકાવ્યું હતું.

શરૂમાં તો તેઓ મુંબઈ આવીને વસ્યા. ઘાટકોપરમાં રહ્યા. ભાગ્ય આડે પાંદડું ફરી ગયું. પરદેશની સફર વિજયી બની. તેમનો ધંધો વધતો જ ગયો.

સાહસ ન કરે તો ગુજરાતી બચ્ચો શાનો ? અને તેમાંય વેપારી લોહી, એ ચેનથી બેસે જ શાનું ?

શેઠ મુંબઈ છોડી કલકત્તા ગયા. ત્યાં પણ ભાગ્ય તેમની પડખે જ રહ્યું. અને જોત જોતામાં તો કલકત્તાની એ પ્રથમ હરોળમાં ઉભા રહેવા લાગ્યા.

આ શેઠીયાઓએ લક્ષ્મીને સિદ્ધ કરી હતી એટલું જ નહિ, ઉદારતાને પણ તેમણે પોતાની બનાવી હતી. તિજોરી તેમની સદાય ઉઘાડ બંધ થયા જ કરતી હતી.

એવા ઉદાર, ધર્મપ્રેમી, સાહસિક પિતાનું સંતાન પણ તેવું જ નીકળે અને તેમને ય વટાવી જાય એવા સાહસને પ્રામાણિકતાથી જીવન જીવે ત્યારે સહેજે કહેવાઇ જાય કે 'ધન્ય છે એ સંતાનને' 'ધન્ય છે એના માત-પિતાને !'

શેઠ કેશવલાલ રતનજીના પુત્ર શ્રી સવાઈલાલ એવી જ બેવડી ધન્યતાને પાત્ર છે.

અમે જ્યારે તેમની મુલાકાત લીધી હતી ત્યારે તેઓશ્રીએ તેમની અંતરની વાત કહેતા કહ્યું હતું:-" મારામાં આજે જે ધર્માનુરાગ છે, વીતરાગ પ્રત્યેની જે અડગ શ્રદ્ધા છે, તે મને મારા માતુશ્રી અજવાળીબાઈ તરફથી મળેલાં સંસ્કાર છે. અને આજે હું જે કંઈ ફુલની પાંખડી જેવું કંઈ પુણ્ય કાર્ય કરૂં છું તે



વાડી માંહી ફુલ ખીલ્યા કૈં અવનવાં રૂપાળાં;
હું ફુલ ના, ના પાંખડી, કળી હું ઝુમતી હવામાં.

શેઠ શ્રી સવાઈલાલ કેશવલાલ જે. પી. ના મુરબ્બી ભાઈશ્રી ધીરૂભાઈની દીકરી કુ. પારુલ, આચાર્ય દેવેશ શ્રી ધર્મસૂરીશ્વરજી મ. ના મંગલ મંત્રે ધર્મ સંસ્કાર ઝીલી રહી છે.

મારા પિતાશ્રીને આભારી છે. તેમણે જ મને પ્રામાણિકતાથી વેપાર કરતાં અને ધનનો સદ્‌વ્યય કરતાં શીખવ્યું છે..."

આ સંસ્કારસુત શેઠ શ્રી સવાઈલાલ કેશવલાલ (જે. પી.) ને અમો પોષ સુદ સાતમના સોમવારે મળ્યા હતા.

એ અમારી અખબારી મુલાકાત હતી. એ જ સપ્તાહમાં તેમણે જે ઉદારતાથી, ઘાટકોપરમાં નજદિકના ભવિષ્યમાં બંધાનાર નૂતન જિનાલયમાં, મૂળનાયક તરીકે ભ. શ્રી મુનિસુવ્રત સ્વામીની અંજનશલાકા તેમજ પ્રતિષ્ઠા માટે જે ભવ્ય ને ઉદાર ઉછામણી બોલ્યા હતા તેના સંદર્ભમાં અમે તેમને મળ્યા હતા.

અમે તેમને પૂછ્યું:—"આ ઉછામણી તમે જે બોલ્યાં તેની પાછળની પ્રેરણા કોની હતી?"

"આમ કહું તો એવી પ્રેરણા મને કોઈની નહતી. અને જો કોઈ એને પ્રેરણાથી પ્રેરાયેલું કાર્ય કહે તો એ પ્રેરણા મને મારા મારા માતુશ્રીના ધર્મ સંસ્કારની હતી.

"આટલી મોટી ઉછામણી તમે બીજા કોઈ સામાજિક કે સાધર્મિકના ઉત્કર્ષ કાર્ય માટે શા માટે ન વાપરી?"

"આ ઉછામણી હું જે કંઈ બોલ્યો તેથી કંઈ હું સમાજ કે સાધર્મિક ભાઈઓના હિતથી દૂર જાઉં છું એમ માનતો નથી. પણ ખરું કહું તો મને જિનમંદિરમાં વધારે રસ છે. અને મારી તો ઈચ્છા છે કે આ જે જિનાલય બંધાવ તે એક એવું કલાત્મક ને યાત્રાનું ધામ બને કે જેથી તે જિનાલય જોઈ જૈનેતરો પણ જિનની પૂજા કરતા થાય."

"કલકત્તામાં એવું કંઈ ન કરતાં તમે ઘાટકોપરમાં જ શા માટે એ કાર્ય પસંદ કર્યું?

"કારણ કે એ ભૂમિએ મારા જીવનને પોષ્યું છે ને મારા જીવનનું ઘડતર કર્યું છે. અને મારી ભાવના છે કે મારૂં શેષજીવન એ જ ધરતી પર મારે ગાળવું ને ત્યાંના સમાજ ને ધર્મ સાથે મારે સમભાગી બનવું."

અમારી મુલાકાતના આ થોડા પ્રશ્નોથી વાચકો સમજી શકયા હશે કે અમે, શેઠ જે રૂા. ૧,૧૧,૧૧૧) ની ઉછામણી બોલ્યા હતા તેની વાત તમને કહી રહ્યા છીએ.



**મળી લક્ષ્મી ઘણી તવ ધર્મ પુણ્યે,**
**માંગુ હું તો ખર્ચું બધી તે સદ્વ્યયે.**

શેઠશ્રી સવાઈલાલ કેશવલાલ જે. પી., તેમજ તેમના મુરબ્બી ભાઈઓ, સોના મહોરથી જ્ઞાનની પૂજા કરી રહ્યા છે.

આમ તો આ ઉછામણીની શરૂઆત જ ભવ્ય ને ઉદાર એવા રૂા. ૫૧,૦૦૧ ના શુભ આંકડાઓથી થઈ હતી. આ આંકડાને વધારી, જૈન શાસનની શોભા વધારનાર બીજા પણ ઉદાર, ધર્મપ્રેમી, જૈન સંતાનો હતા.

આંકડા તો એટલા જલ્દી ને જંગી વધી રહ્યા હતા કે ઘડી તો ખૂદ લક્ષ્મી પણ મોંમાં આંગળી ઘાલી ગઇ હશે! એકાવન હજારનો આંકડો તો માત્ર ગણત્રીની જ પળોમાં ભૂલાઈ ગયો હતો. પંચોતેર હજાર એક, એક્યાશી હજાર એક, પચ્યાશી હજાર એક, એકાણુ હજાર એક એમ એક આંકડો વધતા, જુના આંકડા જાણે શરમાતા હતા. છેલ્લા આંકડે તો જાણે મેદની જામ થઇ ગઈ હતી. લોક હૈયે તો આનંદનો જાણે મહેરામણ ઊછળતો હતો. ત્યાં તો એ આંકડો પણ શરમાઈ ગયો. શેઠશ્રીએ એક લાખ એક હજાર ને એકસો અગીયારનો આદેશ માંગ્યો.

બધા એક્કા જ જાણે ભેગા થઈ ગયા. પણ પેલુ મોટું મીંડુ એ બધાની બેઠકમાં શરમાતું હતું. સંઘના મોવડીઓએ શેઠને એ મીંડુ કાઢી નાંખવા વિનંતી કરી.

અને એ મીંડુ તે પણ કેવી જગાનું? પહેલા એકડા પછીનું બીજું જ મીંડુ! ને ત્યાર પછી બીજા ચાર એકડા હતા!!

એક મીંડામાંથી એકડો કરતાં એક હજાર બનતાં હતાં. અને ઉદાર શેઠે મીંડાના હજાર પણ વધાવી લીધા.

હવે તો એકડાની જાણે જમાત જામી ગઈ. રૂા. ૧,૧૧,૧૧૧!! ૭ એકડાની જાણે 'ટીમ' જામી ગઈ!!!

એ ૭ એકડા, એ છઠનો દિવસ, એ ઉછામણીની છનાછન, બધું જ વરસો સુધી યાદ રહેશે.

જિન મંદિરો એ જૈન સંસ્કૃતિ તેમજ ભારતીય સંસ્કૃતિના બેનમૂન પ્રતિક છે. તેમાં કળા છે, સાધના છે, સંસ્કાર છે, ઉદારતા છે ને લોક હૈયાની તેમાં ભાવના પણ છે.

ખરેખર શેઠશ્રી સવાઈલાલ કેશવલાલે એ ઉદાર રકમની ઉછામણી બોલીને જૈન શાસનને વધુ પ્રભાવિત કર્યું છે.

અમે તો એટલું જ ઇચ્છીએ કે તેમની જે, બેનમૂન ને કલાત્મક એવું જિનાલય જોવાની ભાવના છે તે નૂતન જિનાલયમાં પૂરી થાય.



**હું લોઢું બન્યું સોનું પારસ સંગ સંગે,**
**શ્રીફળ આ બહુમાન પામ્યું શ્રી સંઘ સંગે.**

ઘાટકોપરના સંઘે, ઉદાર ચરિત ને સંસ્કાર સૂત શેઠ શ્રી સવાઈલાલ તેમજ તેમના પ્રેરણા મૂર્તિ, અ. સૌ. શ્રી તારાલક્ષ્મીબેનને કુંકુમ તિલક કરી શ્રીફળ અને સોના મહોરથી બહુમાન કર્યું તે વેળાની તસ્વીર.



અમે નાના બાળ તાત લે સંભાળ,
અમે પણ કરશું જૈન ધર્મ ઉજમાળ.

શ્રી ઘાટકોપરના સંઘે શેઠશ્રીના સારાય કુટુંબનો શ્રીફળ વગેરેથી સત્કાર કર્યો તે સમયની તસ્વીર.

(ડાબી બાજુથી ઊભી હરોળમાં) શ્રી સવાઈલાલ, અ. સૌ. તારાલક્ષ્મી સવાઈલાલ,
સૌ. પ્રભાવતી બેન, કુ. સુલેખા, સૌ. જયાલક્ષ્મી
બેન ધીરુભાઈ, શ્રી ધીરુભાઈ અને પુરીબેન.

( બેઠી હરોળમાં નાનાં ભૂલકાં ) બેબી ભારતી, બેબી પારુલ, દીપકુમાર,
ચેતનકુમાર અને જમણી બાજુ બેન દક્ષા.

# આભાર અને અભિવાદન

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ.ના જીવનકાળ દરમિયાન ઉત્તર ગુજરાતમાં આવેલા પેથાપુર અને કુકરવાડા ગામોની જાહોજલાલી ખૂબ જ હતી. પૂજ્ય મ. શ્રીનો એ ગામો પર ઉપકાર પણ ઘણો જ હતો.

'બુદ્ધિપ્રભા' એ શ્રીમદ્જીના સાહિત્યનું પ્રચાર કરતું સામયિક હોઈ તેના વધુ વિકાસ અને પ્રગતિ માટે; પરમ પૂજ્ય અનુયોગાચાર્ય પન્યાસ પ્રવર શ્રી મહોદયસાગરજી ગણિવર્યની શુભ પ્રેરણાથી પેથાપુર સાગરગચ્છ જૈન ઉપાશ્રયનો સંઘ 'બુદ્ધિપ્રભા' નો પેટ્રન બન્યો છે.

કુકરવાડાના જૈન સંઘે પણ, પરમ પૂજ્ય પન્યાસ પ્રવરશ્રી સુબોધસાગરજી ગણિવર્ય તેમજ પં. પ્ર. પૂ. શ્રી મહોદય સાગરજી મ.ની પ્રેરણાથી 'બુદ્ધિપ્રભા'ના પેટ્રન બની અમને જે સાથ સહકાર આપ્યો છે તે માટે અમો તે બંને સંઘોના ટ્રસ્ટી તેમજ વહીવટ કર્તાઓનો આભાર માનીએ છીએ.

●

પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજીની પ્રેરણાથી, શેઠ શ્રી મહેન્દ્રભાઈ મનસુખલાલ

તેમજ ઉગ્ર તપસ્વી મુનિરાજ શ્રી નરોત્તમ વિજયજી મ.ની શુભ પ્રેરણાથી શેઠ શ્રી રતીલાલ સોમચંદ ખંભાતી, (હાલ નિવાસી પેડલાદના) બુદ્ધિપ્રભા' ના આજીવન સભ્ય બન્યા છે.

એ બંને આજીવન સભ્ય દાતાઓનું અમે હાર્દિક અભિવાદન કરીએ છીએ.

●

પૂજ્ય સા. મ. શ્રી લાવણ્યશ્રીજી મ.ની શુભ પ્રેરણાથી સાણીવાડા જૈન ઉપાશ્રય તરફથી રૂા. ૨૧ નો સહકાર મળ્યો છે. જે માટે અમે તેમના વહીવટ કર્તાઓના આભારી છીએ.

## આવતા અંકથી વાંચો

બુદ્ધિપ્રભા' ના પાને 'આમને—સામને' ની
અનોખી કટાક્ષ કટાર.

# શતાબ્દીના સંસ્મરણો.

## ( કુકરવાડા )

કોઈ પણ સંસ્થા કે સંઘ જ્યારે સો વરસની બને છે ત્યારે એ સંસ્થા કે સંઘના સભ્યો તેમજ તેના કાર્યકર્તાઓ માટે એ ગૌરવ અને આનંદનો પ્રસંગ બની જાય છે. સો નો આંકડો જ એટલો બધો શુકનવંતો છે કે ત્યાં સુધી જે કોઇ પહોંચે તેને આનંદ અને ઉમંગથી વધાવી લેવામાં આવે છે.

ઉત્તર ગુજરાતમાં આવેલા કુકરવાડા ગામના ભ. આદિનાથના દેરાસરની પ્રતિષ્ઠા વગેરે થયાને મહા સુદ દસમના રોજ બરાબર સો વરસ પૂરા થયા. એ દિવસે કુકરવાડાના જૈન સંઘે એક શતાબ્દિ સપ્તાહ જેવો કાર્યક્રમ રાખ્યો.

તા. ૧૬–૧–૬૪ ના દિવસે, સ્વ. યોગનિષ્ઠ આચાર્ય ભગવાન શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર શિષ્ય રત્ન શાંતમૂર્તિ પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય રત્નો, પરમ પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી મહોદય સાગરજી ગણિવર્ય, વ્યાખ્યાન વાચસ્પતિ પન્યાસ પ્રવર શ્રી સુબોધસાગરજી ગણિવર્ય, મુનિરાજ શ્રી દુર્લભસાગરજી, શ્રી મનહરસાગરજી મ. સા., શ્રી જસવંતસાગરજી મ. સા., શ્રી સુદર્શનસાગરજી મ. સા. આદિ શ્રમણ ભગવંતોનું સંઘે ઠાઠમાઠથી સ્વાગત કરી આ શતાબ્દિ મહોત્સવનું મંગલાચરણ કર્યું હતું.

આ પ્રસંગે અંતરાય કર્મ નિવારણ પૂજા, નવપદજીની પૂજા, નવ્વાણું પ્રકારી પૂજા, કુંભસ્થાપન, પંચકલ્યાણક પૂજા, અભિષેક, નવગ્રહ પૂજન, જલયાત્રાનો શાનદાર વરઘોડો અને શાંતિસ્નાત્ર વ. ની ઉજવણી કરવામાં આવી હતી.

આ ધાર્મિક અનુષ્ઠાનો કરાવવા માટે, અત્યારના ચાલુ 'બુદ્ધિપ્રભા'ના આદ્ય તંત્રી તેમજ જૈન અધ્યયનોના કુશાગ્ર પંડિત તેમજ વિશુદ્ધ ક્રિયાવિધિજ્ઞ સુશ્રાવક પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી તેમજ તેમના સુપુત્ર શ્રી યશવંતભાઈ પધાર્યા હતા.

પૂજામાં તેમ જ ભાવનામાં પાલનપુરવાળા મર્મજ્ઞ સંગીતકાર શ્રી હરજીવનદાસ હકમીચંદભાઈએ સાજ અને સુરીલા કંઠથી આ પ્રસંગને ખૂબ જ યાદગાર બનાવ્યો હતો.

આ મહોત્સવની સાથોસાથ વડી દીક્ષાનો ભવ્ય પ્રસંગ પણ ઉજવવામાં આવ્યો હતો. પ. પૂ. સુબોધસાગરજી ગણિવર્યના શિષ્ય રત્ન પૂ. મુનિરાજ શ્રી મનહર સાગરજી મ. સા. ના નવ દીક્ષિત શિષ્ય શ્રી સુદર્શન સાગરજી મ. ને કુકરવાડા સંઘ તરફથી વડી દીક્ષા આપવામાં આવી હતી.

શાંતિસ્નાત્ર, અભિષેક, વરઘોડો વગેરે સંઘ તરફથી કરવામાં આવ્યો હતો. વરઘોડાના શાસન રથના સારથી તરીકે મુંબઇ વાસણ બજારના મશહુર વેપારી શ્રી રતીલાલ નગીનદાસે લહાવો લીધો હતો. તેમ જ નવગ્રહ પૂજનના બે ગ્રહોનું પૂજન અને બે વખત સ્વામી વાત્સલ્ય કરાવી મહાન પુણ્ય ઉપાર્જન કર્યું હતું.

શ્રી સેવંતિલાલ રમણલાલ, શ્રી છગનલાલ માનચંદ, શ્રી રાયચંદ છગનલાલ, શ્રી બબલદાસ હકમચંદ, શ્રી રતિલાલ નગીનદાસ, શ્રી પૂંજીરામ હેમચંદ, તેમજ શ્રી ત્રીકમલાલ ભાઇચંદે પણ એક એક દિવસ સ્વામી વાત્સલ્ય કરીને મહાન પુણ્ય ઉપાર્જન કર્યું હતું.

આ ઉપરાંત સંઘ શાંતિ તપસ્યા તેમ જ અભિનંદન સમારોહ પણ ઉજવવામાં આવ્યો હતો. પરમ પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી મહોદયસાગરજી ગણિવર્ય તેમજ બાપજી મ. ના સમુદાય વર્તિની સા. મ. શ્રી ચારિત્રશ્રીજી, મ. આદિ ઠાણાની પ્રેરણાથી સંઘ શાંતિ નિમિત્તે આયંબિલ તપસ્યા કરાવતાં સો થી વધુ ભાઈ બેનોએ આયંબિલ તપ કર્યું હતું.

આ મહોત્સવમાં મુખ્ય ભાગ ભજવનાર તેમ જ અનુષ્ઠાનોને ભાવભીના બનાવવામાં આગેવાની ભર્યો રસ લેનાર પંડિત શ્રી છબિલદાસ કેશરીચંદ તેમ જ શ્રી હરજીવનદાસ હુકમીચંદભાઇનું સંઘે બહુમાન કર્યું હતું અને અભિનંદન આપ્યા હતા.

આ મહોત્સવની વ્યવસ્થા વ. કરીને આ કાર્યને વધુ ઉજમાળુ બનાવવા માટે શ્રી કોદરલાલ હીરાચંદ, શ્રી સકલચંદ કેવળદાસ, શ્રી છન્નાલાલ સાકળચંદ, શ્રી કાંતિલાલ મનસુખરામ આદિ ભાઇઓએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

પૂ. સંતોના સહવાસ ને સુવાસથી આ મહોત્સવ ખૂબ જ યાદગાર બન્યો

卐

# ઝંડા ઊંચા રહે અમારા

( પાવાપુરી )

પરમ ઉપકારી ચરમ તિર્થંકર ભગવાન મહાવીરે તેમના અંતિમ સમયે જ્યાં સોળ પ્રહર સુધી યાદગાર દેશના આપી હતી તે પવિત્રધામ પાવાપુરીમાં, તા. ૫–૧–૬૪ ના રોજ પોષ વદી છઠના દિવસે ઘણા જ ઠાઠમાઠથી સાતમી વર્ષગાંઠ ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે ત્રણ દિવસનો ભરચક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પૂજા–ભાવના અને પ્રભાવનાના ત્રિસંગમથી આ વર્ષગાંઠનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પોષ વદી છઠના રવિવારે ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો. શાસન રથમાં શ્રેષ્ઠિવર્ય શ્રી ડોસાલાલ રામજીભાઈના ધર્મપત્ની ભગવાનને લઈને બેઠા હતા. તે જ દિવસે વરઘોડો ઉતર્યા બાદ સત્તર ભેદી પૂજા ભણાવવામાં આવી હતી અને ધ્વજારોપણ કરવામાં આવ્યું હતું. રૂા. ૧૧૫૧) ની ઉદાર બોલી બોલીને સેવાભાવી શ્રીમાન શ્રેષ્ઠિવર્ય શ્રી વ્રજલાલ ડાહ્યાભાઈ દોશીએ ધ્વજારોપણ કરી મહાન પુણ્ય ઉપાર્જન કર્યું હતું. આ પ્રસંગે દેવદ્રવ્યની આવક લગભગ ત્રણેક હજારની થવા પામી હતી.

બીજે દિવસે કલકત્તાનો સંઘ રાજગીર ગયો હતો અને ત્યાંના જિનમંદિરમાં પૂજા ભણાવી હતી. અત્રેના મુનિમ શ્રી કનૈયાલાલે સંઘનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગને સફળ બનાવવામાં શ્રી ધનજીભાઈ (હાલ પૂ. મુનિરાજ શ્રી ભદ્રશીલવિજયજી મ.) પછી વહીવટ સંભાળનાર શ્રી વ્રજલાલ ડાહ્યાભાઈ દોશીએ ખૂબ જ ભારે જહેમત ઉઠાવી હતી. ઝરીયા નિવાસી શ્રી દેવશીભાઈનો સહકાર પણ સારો એવો હતો. આ પ્રસંગે શ્રીમાન બાબુ લક્ષ્મીચંદજી સુમતીજી, તેમના ધર્મપત્ની તથા બાબુ જ્ઞાનચંદજી સુમતીજી વગેરેએ હાજરી આપી શાસનની શોભામાં વધારો કર્યો હતો.

## પાણી બહતા ભલા

( સાણંદ )

અત્રેના સાગરગચ્છ જૈન સંઘની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરીને પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા. આદિ ઠાણા અમદાવાદથી વિહાર કરીને સાણંદ પધાર્યા છે. અત્રેના બજારના દેરાસરમાં અભિષેક વગેરેનો ઉત્સવ ઉજવવામાં આવનાર છે.

**જય જય નંદા : જય જય ભદ્રા**

પરમપૂજ્ય આ. મ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજીના વયોવૃદ્ધ શિષ્યરત્ન શ્રી મહિમાસાગરજી મ. સા. મહા વદ એકમની શુભ સવારે કાળધર્મ પામ્યા છે. સ્વ. સંત શ્રી આચાર્ય મ. ના એક સુવિનયી અને આજ્ઞાંકિત શિષ્ય હતા.

મુદ્રક અને પ્રકાશક : ઇન્દિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : " જૈન વિજય " પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક–સુરત.

# સ ર ગ મ (સંકલન)

## પ્રેરણા

અશક્ય છે નહિ મનુષ્યને કંઇ, અલભ્ય નહિ કંઇ જગમાં જોય;
અજરામર પદ માનવ પામે, માનવ-પ્રભુ પ્રતિનિધિ જ હોય.
અકળાઈશ નહિ આફત આવે, આફત સદા નહિ રહેનાર;
અધિર થા ના કાર્ય કરતા, અમૂલ્ય આયુ ન ફોગટ હાર.

## સ્યાદ્વાદ-સમન્વય

અહિંસામય વિચાર કર્મે, અલ્લા ઇશુ ભજે કે રામ;
અર્હત્ બુદ્ધ હરિ સૌ ભજતાં, પામે મુક્તિ વૈકુંઠ ધામ.

## અનુરોધ

અધિકારી થઇ કર નહિ જુલ્મો, કર નહિ પ્રાણાંતે અન્યાય;
અધિકારી થઈ પક્ષપાતને, ત્યાગી કર સમજીને ન્યાય.
અન્યાયી જે અમલદાર છે, તે જીવતો છે શયતાન;
અન્યાયીના જુલ્મ સામે, રહીને જીવે તે બળવાન.
અધિકારી જુલ્મીઓ સામે, ઊભું રહેવું કરીને સંપ;
અન્યાયીનો પક્ષ ન કરવો, અન્યાય નહિ અંતે જંપ.

## અજ્ઞાની

અજ્ઞાની જ્યાં આગેવાનો, ત્યાં તો ઉજ્જડ ખાખ મશાણ;
અજ્ઞાની રાજા આચાર્યો, દેશ સંઘની કરતા હાણ.
અજ્ઞાની જ્યાં ધર્મગુરુઓ, કરતાં ધર્મની મારામાર;
અંધાને દોરે જ્યાં અંધા, અજ્ઞાનીઓ તેવા ધાર.

[નોંધ:—સ્વ. ગુરુદેવ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ તેમનો અંતિમ ગ્રંથ 'કક્કાવલી સુબોધ' લખ્યો હતો. આ ગ્રંથમાં મૂળાક્ષરોના એક એક અક્ષર પર સંખ્યાબંધ પંક્તિઓ લખી છે. 'અ' ઉપર ૪૦૯ કડીઓ લખી છે.... ... ... ... ...સંપાદક.]

વિ શે ષાં ક

# માહે એપ્રિલ ૧૯૬૪ માં

# 'બુદ્ધિપ્રભા'નો

વિ શે ષાં ક

## મહાવીર જન્મ કલ્યાણક અંક પ્રગટ થશે

આ અંક માટે નીચેના વિષયો પર લેખ તેમજ વાર્તા હરિફાઇ રાખવામાં આવી છે.

વિષયો:- ૧) જગત સંસ્કૃતિમાં ભગવાન મહાવીરનું પ્રદાન.

(૨) ભ. મહાવીરની સમાજકાલીન સ્થિતિ.

(૩) જગતધર્મોના સંસ્થાપકોમાં ભ. મહાવીરની વિશિષ્ટતા.

(૪) બુદ્ધનો ગૃહત્યાગ અને મહાવીરનો ગૃહત્યાગ: એક તુલના.

(૫) ભારતની આઝાદી ભ. મહાવીરની અહિંસાની સદાય ઋણી રહેશે.

વાર્તાઓ:-જૈન સૂત્રો, શાસ્ત્રો, સિદ્ધાંતો ને આગમોમાં સચવાયેલી જૈન પૌરાણિક કથાઓના આધારેની બોધ કથાઓ, ચરિત્ર વિષયક વાર્તાઓ તેમજ જૈન શ્રમણ ભગવંતો, તિર્થંકર ભગવંતોના જીવન પ્રસંગો, તેમજ તેઓના રેખાચિત્રો વગેરે ઉપરની વાર્તાઓ લખી મોકલવા વિનંતી છે.

વાર્તા અને લેખોના ત્રણ ત્રણ ઇનામો વહેંચવામાં આવશે. પ્રથમ નંબરને રૂા. ૩૧, બીજા નંબરને રૂા. ૨૫, ત્રીજા નંબરને રૂા. ૧૧. વાર્તા અને લેખ માટે અલગ અલગ ઇનામ આપવામાં આવશે. લેખ અને વાર્તા ફુલસ્કેપના પાંચ પાનાથી વધુ ન હોવી જોઇએ. તમારી કૃતિ કાગળની એક બાજુએ, સ્વચ્છ અક્ષરે, તમારૂં પૂરૂં સરનામું લખીને આજે જ "બુદ્ધિપ્રભા"ના કાર્યાલયે મોકલી આપી ઇનામ મેળવો.

**તા. ૧૫ માર્ચ ૧૯૬૪ પછીથી આવનાર કૃતિ હરીફાઇમાં લેવાશે નહિ.** તે પહેલાં જ આપની વાર્તા કે લેખ મોકલી આપો. હરીફાઇનું પરીણામ "બુદ્ધિપ્રભા"ના માહે મે ૧૯૬૪ ના અંકમાં જાહેર કરવામાં આવશે.

—સંપાદક.

કાર્યાલય:-

'બુદ્ધિપ્રભા' C/o, ધનેશ એન્ડ કાં., ૧૯/૨૧, પીકેટ ક્રોસ લેન, મુંબઇ ૨.

કવર પ્રિન્ટેડ "કિશોર પ્રિન્ટરી," કોટ, મુંબઇ